ૐ નમ:

શ્રી સહસ્રફણા પાર્શ્વનાથાય

પ્રાસંગિક

શ્રી માટુંગા કચ્છી શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના અતિ ભાવભર્યા સ્વાગત સાથે પૂ પરમવિદુષી શ્રી સુનંદાશ્રીજી મહારાજ (મારા ગુરુણી) સપરિવાર શુભમુહૂર્તે શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુની છાયામાં ચાતુર્માસ પ્રવેશ કરી પધાર્યા. ગુણાનુરાગી અને ધર્મી વર્તુલમાં આનંદ છવાઈ ગયો. આવા વિદુષી રત્ન પોતાના આંગણે ચાતુર્માસ માટે પધાર્યા તેથી સંઘ આનંદ વિભોર બન્યો છે "**જે જ્ઞાની હોય તે બીજાને પણ જ્ઞાન આપવા જ ચાહે**" એ ન્યાયે તેઓશ્રીએ તેજ દિવસથી પોતાના જ્ઞાનનો સ્રોત વહેતો મૂકી દીધો જ્ઞાનસ્રોતસ્વિનીના સ્રોતમાં અનેક આત્માઓ આકંઠ સ્નાન કરી પાવન થવા લાગ્યા. ભાવિક આત્માઓને ભાવતાં ભોજન મળ્યાં. કેટલાક એ સ્રોતને ચિરંજીવી બનાવવા અંતરના અણુએ અણુએ વ્યાપ્ત બનાવી દીધો. કેટલાકે જીવનસ્થ! કેટલાકે કંઠસ્થ! શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ પ્રભુના મંદિરના પગથિયે ચડનાર કોઈપણ ભાગ્યશાળી આત્માઓ વીરવાણીના સ્રોતથી વંચિત ન રહે એવી ભાવના પૂ ગુરુદેવના દિલમાં જાગી. "**સવી જીવ કરૂં શાસન રસી**" એવા વીરના વાકયની જેમ!

અને એ માટે અષાડ સુદ બારસના પવિત્ર દિવસે મને પ્રેરણા કરી કે, "વસંત, તું એવા શબ્દોમાં મિતાક્ષરી સુવાક્યો લખ કે ટૂંકાણમાં દરેકને ધર્મનો બોધ મળે અને દરરોજ એ બોધ વચનો "બ્લેક બોર્ડ" પર લખાય. જેથી સંસારના રસિયા આત્માઓ વાંચે અને સંસારના રસને ઓછો કરી ધર્મ રસનાં પાન કરી પાવન બને. ચાતુર્માસના ચારે મહિના સુધી આ ક્રમ ચાલુ રહેવો જોઈએ." મને પણ પૂ. મારા ગુરુદેવ તરફથી મળેલી પ્રેરણા રુચિ ગઈ. લેખન કાર્યમાં ખાસ કોઈ પ્રવૃત્તિ ન હોવા છતાં "ગુરુવાકય પ્રમાણમ્" કરી મેં લખવાનું શરૂ કર્યું. તેરશથી કાગળ પર લખાણ શરૂ થયું. ચૌદશથી "બ્લેક બોર્ડ" પર શરૂ!

જ્ઞાની સૂચિત પળ સદૈવ સફળ બને છે. આ બોર્ડ લેખ રચના સૌને પસંદ પડી ગઈ. મેં પણ તન અને મન બન્ને લેખન કાર્યમાં જોડી દીધાં. કોઈપણ પુસ્તકનો આશ્રય લીધા વગર હું જેમ જેમ લખતી ગઈ તેમ તેમ મારો અંતરનો આનંદ વૃદ્ધિ પામતો ગયો. આજના ધમાલીયા યુગમાં મુંબઈ જેવી મોહમયી નગરીમાં ધમાલીયું જીવન જીવતાં અને "નો ટાઇમ" એ મંત્ર જપતા જીવાત્માઓને બોધ મળે, ટૂંકાણમાં જીવનોપયોગી વાંચન મળે એ રીતે ભાંગીતૂટી ભાષામાં અને ભાંગ્યાતૂટયા શબ્દોમાં મારા હાથે લખાણ થતું ગયું. એમાં અલંકારી શબ્દો ગોઠવાયેલા નથી, સાદી ભાષામાં લખ્યું છે. છતાં વીરવાણી અને

[illegible]

કરી તત્ત્વરૂપ નવનીત મેળવ્યું [illegible] તત્ત્વરૂપ નવનીતની વાનગી કરી મારા ભાણામાં જે આપ્યું તે તત્ત્વરૂપ નવનીતનું ભોજન મારા જીવનને પુષ્ટ બનાવી ગયું. ખરેખર આ ગુરુભક્તિનું [illegible] છે! તેઓશ્રીની પ્રેરણાબળે મેં લખ્યું બીજા માટે; પણ મને એમાં લાભ ઓછો નથી મળ્યો! કંઈક અંશે તન, મન, વચનની એકાગ્રતાનું બળ કેળવી શકવાનો સ્વાદ માણી [illegible] ગયો છે.

સૌ કોઈ આ સુવાક્યો વાંચે, ધર્મઝરણાંનાં નીર પીએ અને અમરતાની કેડીએ ચાલી મોક્ષ નગરના પ્રવાસી બને. માત્ર લખીને કે વાંચીને રાજી થવાનું નથી. એ વાંચન અને લેખનનું પાચન થાય તો જ લખ્યું-વાંચ્યું પ્રમાણ છે. માત્ર એવી શક્તિ મળવાથી મુક્તિ નહીં મળે પણ અંતરથી આસક્તિભાવ છોડવાથી જ મુક્તિ મળશે એ નિઃશંક છે.

આ ધર્મઝરણાંના સુવચનો જે બોર્ડ પર લખાતા હતા તેમાં બીજીવાર લખતાં મેં શાબ્દિક થોડોક સુધારો કર્યો છે.

જ્ઞાન મહોદયા

પૂ. પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજ



જન્મ :
નાગલપુર (કચ્છ)
સં. ૧૯૫૮

દિક્ષા :
અમદાવાદ
સં. ૧૯૭૪

પ્રવર્તિનીપદ
ધ્રાંગધ્રા
સં. ૨૦૧૧

જેઓની પવિત્ર કલમે અનેક પુસ્તકો લખાયેલાં છે, જેઓશ્રીની **જોસીલી વાણી** મનોમુગ્ધ કરે એવી છે, અને જેઓશ્રી **નારી ઉત્કર્ષ** માટે સદા ચીંતનશીલ રહે છે એવા **પૂજ્યશ્રીજીના** ચરણોમાં અભિનવ ભાવે વંદના.

"સુતેજ"

બા. બ્ર.
પરમવિદુષી
પૂ. શ્રી સુનંદાશ્રીજી મહારાજ

બા. બ્ર.
પૂ. શ્રી વસંતપ્રભાશ્રી મ.



"શ્રી સુતેજ" "શ્રી ગુરૂદેવ"

ગુરૂના વદન પર પ્રેરણાની પરબ છલકાઈ રહી છે, અને શિષ્યાના વદન પર સ્વીકાર્યભાવ ઉભરાઈ રહ્યો છે જેના પરિણામે ધર્મઝરણા વહે છે.

[illegible] પછીનાં [illegible] સં. ૨૦૨૧ના [illegible] કરી. આ [illegible] [illegible] ગામડાની [illegible] પત્રિકા [illegible] આગેવાન [illegible] ના [illegible] સુધી [illegible] દિવસ રોકાયા. [illegible] કે [illegible] ત્યાંથી [illegible] દિવસ [illegible] ત્યાગ કર્યો. [illegible] પ્રવેશ [illegible] માટુંગાથી [illegible] પ્રવેશ [illegible] નક્કી કરતા આવતાં જેઠ [illegible] પ્રવેશ [illegible] જાહેરાત કરાઈ. માંગરના શીવ [illegible] સામૈયા મહારાજશ્રી સમગ્ર માટુંગા આવી [illegible] આવ્યે અને વિધિપૂર્વક સામૈયું કરી પ્રવેશ કરાવવામાં મહારાજ અને ઉપાશ્રયમાં ઉપસ્થિત પૂ. શ્રી કેશરશ્રીજી ઉદ્બોધ સાહેબના સાનિધ્યમાં સંઘ સમક્ષ મંગલ દેશના ઉજવાયો પ્રવેશ મહોત્સવ આનંદપૂર્વક ને સારી રીતે ઉજવાયો તેજ દિવસથી વ્યાખ્યાનમાળા શરૂ થઈ. પૂ. મહારાજશ્રી રોચક ધર્મવાણી શ્રોતાઓના અંતરને સ્પર્શવા લ ચાતુર્માસ નિયમોની છાપેલી પત્રિકા વહેંચવામાં આ તદ્અનુસાર દરેકે યથાશક્તિ નિયમો લીધા.

અષાડ સુદ દશમના સૂત્ર વાંચન શરૂ થના દેશનાધિકારે શ્રી પન્નવણા સૂત્ર અને ભાવનાધિ ચંદ્રપ્રભ ચરિત્ર વાંચવાનું નક્કી થતાં તે વહો ઉછામણીનું ઘી અનુક્રમે ૧૦૫ મણ શ્રી દેવશી લોદરીઆ અને ૬૫ મણ શ્રી સુંદરલાલ દલપતભાઈ બોલીને લાભ લીધો, પૂર્વવિધિઓ પછી સૂત્ર



પૂ. સાધ્વીશ્રી ખાન્તિશ્રીજી મહારાજ સાહેબનો પરિવાર.

સંવત બે હજાર ને ચોત્રીશની સાલે પવિત્રાત્મા ચારિત્રશીલ પૂજ્ય સાધ્વીશ્રીજી ઠાણા આઠ માટુંગા સહસ્ત્રફણા પાર્શ્વનાથ કચ્છી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ પધાર્યા તેની ભવ્ય યાદગીરી નિમિત્તે.

...ાટે પધારેલા તેમણે સં. ૨૦૨૫ના કારતક સુદ ૫ પહેલાં
...ભુજીને પધરાવવાની અભિલાષા વ્યક્ત કરી. આ કાર્યને
પાર પાડવા બાર સંઘના આગેવાન ભાઈઓએ પ્રતિજ્ઞા
લીધી કે જ્ઞાન પંચમી સુધી જો પ્રભુજી ન પધરાવીએ તો
ઘીનો ત્યાગ કરવો. ત્યાંથી ચેમ્બુર બાર દિવસ રોકાયા.
દરમ્યાન માટુંગાથી કાર્યકર્તાઓ ચાતુર્માસ પ્રવેશ દિવસ
નક્કી કરવા આવતાં જેઠ વદ છઠ્ઠને રવિવારે પ્રવેશ થવાની
જાહેરાત કરાઈ. પાંચમના શીવ પધારી પ્રવેશ મુહૂર્તે પૂ.
મહારાજશ્રી સમયસર માટુંગા આવી પહોંચતાં ધામધૂમ
અને વિધિપૂર્વક સામૈયું કરી પ્રવેશ કરાવવામાં આવ્યો
અને ઉપાશ્રયમાં ઉપસ્થિત પૂ શ્રી કેસરશ્રીજી મહારાજ
સાહેબના સાનિધ્યમાં સંઘ સમક્ષ મંગલ દેશના ઉદ્બોધી
પ્રવેશ મહોત્સવ આનંદપૂર્વક ને સારી રીતે ઉજવાયો ને
તેજ દિવસથી વ્યાખ્યાનમાળા શરૂ થઇ. પૂ મહારાજશ્રીની
રોચક ધર્મવાણી શ્રોતાઓના અંતરને સ્પર્શવા લાગી.
ચાતુર્માસ નિયમોની છાપેલી પત્રિકા વહેંચવામાં આવી.
તદ્અનુસાર દરેકે યથાશક્તિ નિયમો લીધા.

અષાડ સુદ દશમના સૂત્ર વાંચન શરૂ થનાર હોઈ
દેશનાધિકારે શ્રી પન્નવણા સૂત્ર અને ભાવનાધિકારે શ્રી
ચંદ્રપ્રભ ચરિત્ર વાંચવાનું નક્કી થતાં તે વહોરાવવાની
ઉછામણીનું ઘી અનુક્રમે ૧૦૫ મણ શ્રી દેવશી સુંદરજી
લોદરીઆ અને ૬૫ મણ શ્રી સુંદરલાલ દલપતભાઈ ઝવેરીએ
બોલીને લાભ લીધો, પૂર્વવિધિઓ પછી સૂત્રવાંચન શરૂ

લખાય. જેથી દર્શનાર્થે આવનાર ભાવિક આત્માઓને વાંચનથી વિશેષ જાગૃતિ આવે પ્રભુ દર્શને આવનાર આત્માઓને બે લાભ મળવા લાગ્યા. દર્શન અને જ્ઞાન. જ્યાં આ બે લાભ હોય ત્યાં ચારિત્ર ત્રીજો લાભ તરીકે અવશ્ય આવે જ. આ પાટિયા પરના લખાણો લોકપ્રિય બનતા ગયા. વધુને વધુ સંખ્યા વીરવાણીનું પાન કરી જીવનને નિર્મળ બનાવવા લાગી

નિયમિત વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રીની અસરકાર વાણીએ અનેક ભાવિકોને આકર્ષ્યા. સાંભળનારને આનંદ સાથે ધર્મબોધ મળવા લાગ્યો જે સત્ત્વશીલ હોય તેજ આત્મા ધર્મશીલ બની શકે છે. દૃષ્ટાંતો અને કથાઓ સહિત, સમજાવટપૂર્વકની વ્યાખ્યાન શૈલિના કારણે દરેકની ધર્મ-ભાવના વૃદ્ધિ પામવા લાગી અષાડ વદ ૮ થી સાધ્વી સ્વયંપ્રભાશ્રીજીએ સિદ્ધિ તપની શરૂઆત કરી નાના સાધ્વીઓના અભ્યાસ માટે સંઘ તરફથી ઉચિત વ્યવસ્થા કરવામાં આવી. આમ અભ્યાસ સાથે બોધપ્રદ લખાણની વ્યવસ્થા થતાં વિશેષ લાભ મળવા લાગ્યો.

મંગલિક માટે આંયબિલ તપ કરાવ્યા પછી પૂ મહારાજશ્રીએ સાત સૌખ્ય આઠ મોક્ષ તપ કરાવેલ તેને સારો લાભ લેવાયો હતો. તપની પૂર્ણાહુતિ પછી મહારાજશ્રીએ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જાપપૂ અઠ્ઠમો કરાવેલા. ખરેખર તપ એ કઠિન કર્મનો નાશ ક માટે અમોઘ શસ્ત્ર છે અને જાપ તેમાં વિશેષ શુદ્ધિ

છે. ત્યાર પછી માત્ર અરિહંતના જાપ સાથે ખીરના એકાસણા વિધિનો લાભ સારી સંખ્યાએ લીધો.

પર્વરાજ પર્યુષણમાં કર્મક્ષય માટે તપસ્વીઓએ તપ આદર્યા, જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ આત્માઓએ અઠ્ઠાઈ વ્યાખ્યાન, કલ્પસૂત્ર, બારસાસૂત્ર શ્રદ્ધાપૂર્વક સાંભળ્યા. શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શ્રી નાનજી ગાંગજી હરીયા દેવપુરવાળાએ ઉત્સાહપૂર્વક લીધો ને સાયનવાળા શાહ હંસરાજ ઘેલાભાઈ કોટડાવાળાએ પારણું પધરાવવાનો લાભ લીધો. વ્યાખ્યાનોમાં મોટી મેદની જામવા માંડી, સાંજીઓના વરઘોડાઓ પણ નીકળ્યા. પ્રભાવનાઓ ખૂબ થઈ. ધર્મભાવનામાં સારો ઉછાળો આવ્યો. ફંડફાળા પણ સારા થયા. જીવદયા ફંડ, સુરત રેલરાહત ફંડ, સાધારણ ફંડ વગેરેમાં સારી રકમો ભરાઈ. બનાણા ઉપાશ્રયના જિર્ણોદ્ધારમાં રૂા. પાંચ હજારની ટીપ થઇ ગઇ. પર્વ દરમ્યાન દશ હજાર મણની ઉપજ થઇ. જ્ઞાનપૂજન, ગુરુપૂજન વગેરેમાં પણ સારા જેવી રકમ એકત્ર થઈ.

શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી નાની ખાખરવાળાએ ભાવપૂર્વક તપસ્વીઓને પારણાં કરાવ્યા. ભાદરવા સુદ ૩ ના પોતાના ઘરથી વરઘોડો કાઢી તપસ્વીઓ સાથે પૂ. મહારાજશ્રી સમક્ષ આવી સાચા મોતીઓનો સાથિયો કાઢી સોનાની માળાથી ગુરુપૂજન કર્યું હતું. સાંજી ગવાયા બાદ તપસ્વીઓનું બહુમાન અને સંઘનું સ્વાગત કરી વાસણોની અને શ્રીસંઘને શ્રીફળની પ્રભાવના આપી હતી.

લખાય. જેથી દર્શનાર્થે આવનાર ભાવિક આત્માઓને વાંચનથી વિશેષ જાગૃતિ આવે. પ્રભુ દર્શને આવનાર આત્માઓને બે લાભ મળવા લાગ્યા. દર્શન અને જ્ઞાન. જ્યાં આ બે લાભ હોય ત્યાં ચારિત્ર ત્રીજા લાભ તરીકે અવશ્ય આવે જ. આ પાટિયા પરના લખાણો લોકપ્રિય બનતા ગયા. વધુને વધુ સંખ્યા વીરવાણીનું પાન કરી જીવનને નિર્મળ બનાવવા લાગી

નિયમિત વ્યાખ્યાનમાં પૂ મહારાજશ્રીની અસરકારક વાણીએ અનેક ભાવિકોને આકર્ષ્યા. સાંભળનારને આનંદ સાથે ધર્મબોધ મળવા લાગ્યો જે સત્ત્વશીલ હોય તેજ આત્મા ધર્મશીલ બની શકે છે. દૃષ્ટાંતો અને કથાઓ સહિત, સમજાવટપૂર્વકની વ્યાખ્યાન શૈલિના કારણે દરેકની ધર્મ-ભાવના વૃદ્ધિ પામવા લાગી અષાડ વદ ૮ થી સાધ્વી સ્વયંપ્રભાશ્રીજીએ સિદ્ધિ તપની શરૂઆત કરી. નાના સાધ્વીઓના અભ્યાસ માટે સંઘ તરફથી ઉચિત વ્યવસ્થા કરવામાં આવી. આમ અભ્યાસ સાથે બોધપ્રદ લખાણની વ્યવસ્થા થતાં વિશેષ લાભ મળવા લાગ્યો.

મંગલિક માટે આંયબિલ તપ કરાવ્યા પછી પૂ. મહારાજશ્રીએ સાત સૌખ્ય આઠ મોક્ષ તપ કરાવેલ તેનો સારો લાભ લેવાયો હતો. તપની પૂર્ણાહુતિ પછી પૂ. મહારાજશ્રીએ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જાપપૂર્વક અઠ્ઠમો કરાવેલા. ખરેખર તપ એ કઠિન કર્મનો નાશ કરવા માટે અમોઘ શસ્ત્ર છે અને જાપ તેમાં વિશેષ શુદ્ધિ લાવે

છે. ત્યાર પછી માત્ર અરિહંતના જાપ સાથે ખીરના એકાસણા વિધિનો લાભ સારી સંખ્યાએ લીધો.

પર્વરાજ પર્યુષણમાં કર્મક્ષય માટે તપસ્વીઓએ તપ આદર્યા, જિજ્ઞાસુ અને શ્રદ્ધાળુ આત્માઓએ અઠ્ઠાઈ વ્યાખ્યાન, કલ્પસૂત્ર, બારસાસૂત્ર શ્રદ્ધાપૂર્વક સાંભળ્યા. શ્રી કલ્પસૂત્ર પધરાવવાનો લાભ શ્રી નાનજી ગાંગજી હરીયા દેવપુરવાળાએ ઉત્સાહપૂર્વક લીધો ને સાયનવાળા શાહ હંસરાજ ઘેલાભાઈ કોટડાવાળાએ પારણું પધરાવવાનો લાભ લીધો. વ્યાખ્યાનોમાં મોટી મેદની જામવા માંડી, સાંજીઓના વરઘોડાઓ પણ નીકળ્યા. પ્રભાવનાઓ ખૂબ થઈ. ધર્મભાવનામાં સારો ઉછાળો આવ્યો. ફંડફાળા પણ સારા થયા. જીવદયા ફંડ, સુરત રેલરાહત ફંડ, સાધારણ ફંડ વગેરેમાં સારી રકમો ભરાઈ. બજાણા ઉપાશ્રયના જિર્ણોદ્ધારમાં રૂા. પાંચ હજારની ટીપ થઇ ગઇ. પર્વ દરમ્યાન દશ હજાર મણની ઉપજ થઇ. જ્ઞાનપૂજન, ગુરુપૂજન વગેરેમાં પણ સારા જેવી રકમ એકત્ર થઈ.

શ્રીમતી ઝવેરબેન પોપટલાલ પ્રેમજી નાની ખાખરવાળાએ ભાવપૂર્વક તપસ્વીઓને પારણાં કરાવ્યા. ભાદરવા સુદ ૩ ના પોતાના ઘરથી વરઘોડો કાઢી તપસ્વીઓ સાથે પૂ. મહારાજશ્રી સમક્ષ આવી સાચા મોતીઓનો સાથિયો કાઢી સોનાની માળાથી ગુરુપૂજન કર્યું હતું. સાંજી ગવાયા બાદ તપસ્વીઓનું બહુમાન અને સંઘનું સ્વાગત કરી વાસણોની અને શ્રીસંઘને શ્રીફળની પ્રભાવના આપી હતી.

લખાય. જેથી દર્શનાર્થે આવનાર ભાવિ
વાંચનથી વિશેષ જાગૃતિ આવે. પ્રભુ
આત્માઓને બે લાભ મળવા લાગ્યા. દર્શ
જ્યાં આ બે લાભ હોય ત્યાં ચારિત્ર ત્રીજ
અવશ્ય આવે જ. આ પાટિયા પરના લખા
બનતા ગયા. વધુને વધુ સંખ્યા વીરવાણી
જીવનને નિર્મળ બનાવવા લાગી

નિયમિત વ્યાખ્યાનમાં પૂ. મહારાજશ્રીની
વાણીએ અનેક ભાવિકોને આકર્ષ્યા. સાંભળના
સાથે ધર્મબોધ મળવા લાગ્યો જે સત્ત્વશીલ
આત્મા ધર્મશીલ બની શકે છે. દૃષ્ટાંતો અને કથાઓ
સમજાવટપૂર્વકની વ્યાખ્યાન શૈલિના કારણે દરેક
ભાવના વૃદ્ધિ પામવા લાગી અષાડ વદ ૮ થી
સ્વયંપ્રભાશ્રીજીએ સિદ્ધિ તપની શરૂઆત કરી
સાધ્વીઓના અભ્યાસ માટે સંઘ તરફથી ઉચિત વ
કરવામાં આવી. આમ અભ્યાસ સાથે બોધપ્રદ લા
વ્યવસ્થા થતાં વિશેષ લાભ મળવા લાગ્યો.

મંગલિક માટે આંયબિલ તપ કરાવ્યા પછી
મહારાજશ્રીએ સાત સૌખ્ય આઠ મોક્ષ તપ કરાવેલ
સારો લાભ લેવાયો હતો. તપની પૂર્ણાહુતિ પછી
મહારાજશ્રીએ શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના જાપપૂર્વ
અઠ્ઠમો કરાવેલા. ખરેખર તપ એ કઠિન કર્મનો ના
માટે અમોઘ શસ્ત્ર છે અને જાપ તેમાં વિશેષ

૧

અષાઢ સુદ ૧૪, મંગળવાર

ધર્મની મોસમ

ઓ માનવ!

તું મોસમનો લાભ લેવામાં કાબેલ છે! વ્યાપારની મોસમમાં વ્યાપારી માનવ લાભ લઈ લે છે, ખેતીની મોસમમાં ખેડુતમાનવ લાભ ઉઠાવે છે. તેમ સમગ્ર માનવ સમુદાય માટે ચાતુર્માસ એ ધર્મની મોસમ છે. અમૂલ્ય તક છે. લાભ ઉઠાવ! નહીંતર મહાપુણ્યે મળેલું આ ઉત્તમ જીવન એળે ચાલ્યું જશે.

વ્રતને ધારણ કર! નિયમથી જીવનને શોભાવ! યથાશક્તિ તપસ્યા કર! ગુરુવાણી સાંભળ! વિષયભાવનાને હઠાવ! કષાયોને ઉપશમાવ! આ મનુષ્ય જીવનની સફળતાની ચાવી છે. આથી પુણ્યનું ભાથું બંધાશે અને અનુક્રમે સુખ-સંપત્તિ ચિરઃસ્થાયી બનશે.



અષાઢ સુદ ૧૫, બુધવાર

આગમ શ્રવણની સોનેરી તક

અરે ભાઈ!

વરસોના વરસો વીતી ગયાં; આયુષ્ય ખૂટવા આવ્યું. તોયે સંસારની કામગીરીનો પાર ન આવ્યો! માથે બોજો ઘણો જ છે. ઘડિયાળને કાંટે કાંટે કામ ચાલે છે.

પણ માનવ જેવો અવતાર પામીને આમ ગદ્ધા બોજો ક્યાં સુધી ઉપાડવો છે? સંસારની કામગીરી કદી છુટવાની નથી.

ઓ ઘેલા માનવ! આ આંધળી દોટ શાને કાજે મૂકી છે? જરા પાછું વાળીને જો! તારા ભવો ભવના હિતચિંતક ગુરુદેવ ચાતુર્માસના દિવસોમાં વીરવાણી રૂપ આગમ શાસ્ત્રનું વાંચન તારા હિત કાજે ફરમાવે છે. જરા સાંભળ! તારા કાન પવિત્ર થશે. સાથે તારૂં જીવન પણ!

હરરોજ તું શાસ્ત્ર શ્રવણ ન કરી શકે પણ ચાતુર્માસના દિવસોમાં તો જરા ફુરસદ મેળવ! સંસારના કામો દૂર ફેંકી દે! આ આગમ શ્રવણની સોનેરી તક ચાલી જાય છે. વધાવી લે!



અષાડ વદ ૨, ગુરુવાર

બુદ્ધિને સન્માર્ગે વાળ

બુદ્ધિશાળી આત્મા!

પુણ્યોદયે તને બુદ્ધિ મળી છે. સદુપયોગ કરી લે! નહીંતર અવળે માર્ગે ચડી ગયેલી તારી બુદ્ધિ તારૂં સત્યાનાશ વાળી નાખશે.

તું શું એ નથી જાણતો કે રાજા રાવણ કેટલો બુદ્ધિશાળી હતો? પણ પોતાની અવળચંડી બુદ્ધિના

પ્રતાપે જ ક્રોધથી, કકળતાં કકળતાં વિષયાંધ દશામાં તેને મરવું પડ્યું; અને નરકના અતિથિ બનવું પડ્યું! માટે જ તને કહેવું પડે છે કે, જો તારી બુદ્ધિ પણ આ રીતે અવળે માર્ગે વળી ગયેલી હોય તો તું સવેળા ચેતી જજે! નહીંતર તારી પણ આવી દશા થતાં વાર નહીં લાગે.

મોત ક્યારે આવશે એ કોઇએ જાણ્યું નથી. સદ્‌બુદ્ધિ શીખવનાર સદ્‌ગુરુ હાજર છે. સમજણના ઘરમાં આવી જા. અને બુદ્ધિને સન્માર્ગે વાળ!

☆

અષાડ વદ ૩, શુક્રવાર

શાને લગાડી માયા સંસારની?

ભવ્યાત્મન્!

તું સંસારની માયામાં કેમ ચકચૂર બન્યો છે? યાની માયા; કુટુંબની માયા; વૈભવની માયા; ધનની ાયા; પુત્ર પરિવારની માયા; ના નશામાં તારું ભાન ખોઈ બેઠો છે! પણ તને ખબર છે? કે જ્ઞાની પુરુષોએ માયાને ડાકણ કહી છે? આ ડાકણના પાશમાં તું પડ્યો રહીશ તો એ ભયંકર ડાકણ તારી કાયાને કણ કણ કરી નાખતાં વાર નહીં લગાડે!

આ માયામાં લુબ્ધ બનેલા આત્માઓ દુર્ગતિગામી બન્યા છે; આ માયાના રંગો ઇન્દ્ર ધનુષ્ય જેવા છે.

એ જેમ આત્મા પર આકર્ષણ જમાવી લોભાવે છે. લલચાવે છે, તેમ સંસારની માયા પણ આત્માને લોભાવે છે, લલચાવે છે. પણ પરિણામે તો રડાવે છે, અંતે રખડાવે છે! જો તારે સાચે જ માયાળુ બનવું હોય તો દેવ, ગુરુ અને ધર્મનો માયાળુ બન! એ માયા કલ્યાણ કારી છે.—



અષાડ વદ ૪, શનિવાર

વિષયો વસમા છે

ઓ વિષયના રાગી આત્મા!

જરા સમજ! વિષ (ઝેર) એક જ વખત મારે છે; જ્યારે વિષયો અનંતીવાર મારે છે! વિષયનું ઝેર ભવાંતરમાં જન્મ-મરણના ફેરા ખવડાવે છે સ્પર્શેન્દ્રિય, (શરીર), રસેન્દ્રિય, (જીભ) ઘ્રાણેન્દ્રિય (નાક), ચક્ષુરિન્દ્રિય, (આંખ), અને શ્રોત્રેન્દ્રિય, (કાન), આ પાંચે ઈન્દ્રિઓના વિષયોમાં તું મશગુલ બન્યો છે.

આ વિષયો એટલા બધા વસમા છે કે એને મેળવવામાં છાતીએ દમ આવે છે અને ભોગવતાં ભોગવતાં આ દેહમાંથી જ દમ નીકળી જાય છે!

મધથી લેપાયેલી તરવારની ધારને ચાટવા જતાં જેમ પહેલાં મીઠાશ આવે છે પણ આખરે તો જીભ જ કપાય છે અને જીવડો વેદનાને પાત્ર બને છે. તેમ વિષયો પણ પહેલાં નફીવત્ જેવો સ્વાદ આપે છે પણ

આખરે તો મોત જ આપે છે. એનાં કરતાં પાંચે ઇન્દ્રિયોને પંચપરમેષ્ટિના ધ્યાનમાં જોડી દે; તારું કલ્યાણ થશે!



અષાડ વદ ૫, રવિવાર

ગુણાનુરાગી બન!

ગુણપ્રિય આત્મા!

તું ગુણપ્રિય હોવા છતાં અવગુણો પાછળ કાં દોટ મૂકે? આવો અવગુણનો પ્રેમ તને કેમ લાગ્યો?

તારો સ્વભાવ ક્ષમાપ્રિય છે તો ક્રોધ કરી શા માટે તારો ક્ષમાગુણ નષ્ટ કરી નાખે છે? તારો મૂળ આશય નમ્રતાનો છે તો કેમ તું પથ્થરના થાંભલા જેવો અક્કડ રહે છે? તારો સહજગુણ સરલતા છે તો માયા–કપટની ખટપટમાં તું કેમ જીવન પસાર કરે છે? લોભ દશામાં લુબ્ધ બની તેં તારો સંતોષનો નિર્મળ ઝરો શાને કાજે સૂકવી દીધો છે?

સંતોષરૂપી અમૃત વગર તું શી રીતે અમર બની શાશ્વત સુખને પામી શકીશ?

આ ચારે મહા અવગુણો તારા સત્ત્વને ઝાંખું પાડી નાખે છે. તું તારા મૂળ સ્વભાવમાં આવી જા. અને જો આશ્ચર્ય! તારું જીવન મહાપુરુષોની કોટીમાં આવી જાય છે કે નહીં?



અષાડ વદ ૬, સોમવાર

ચાર ગતિના ફેરા

ચેતનવંતા ચેતન!

તારે ચાર ગતિના ફેરા ટાળવા છે? ચાર ગતિમાં રખડવું તને આકરૂં લાગે છે ખરૂં? પંચમીગતિ (મોક્ષ) પ્રાપ્ત કરવી છે ખરી? તો પુરુષાર્થ આદર! ચાર ગતિના ચક્કરને ચૂરવા માટે ભગવાન મહાવીરે દાન, શીલ, તપ, અને ભાવ એ ચાર પ્રકારનો ધર્મ બતાવ્યો છે. પરંતુ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોએ તને એવો કબજે કર્યો છે કે એનાથી તું સાવ પરવશ બની ગયો છે. કષાયથી પરવશતાથી તેં ઘણું કષ્ટ સહન કર્યું; હવે સત્ત્વશાળી બન! નહીંતર આ ક્રુર કષાયો એવા જબ્બર છે કે તને ફરી ચોર્યાશીના ખાડામાં ફેંકી દેશે.

મહા મુશીબતે મનુષ્ય જીવન મળ્યું છે તો સત્ત્વશીલ બની ચાર પ્રકારના ધર્મનો આશ્રય લઈ આરાધના કર! આથી ચારગતિનું ભ્રમણ ટળી જશે. અને પંચમીગતિ મેળવવી સહજ થઈ જશે.



જિંદગી સુધારી લે !

વહાલા આત્મન્!

તને આ મનુષ્ય જીવન એટલા માટે મળ્યું છે કે તું સહેલાઈથી ધર્મની આરાધના કરી શકે. જો તું આ મળેલી તકને નહીં પીછાણી શકે તો બીજા કોઈ પણ જીવનમાં તકને પીછાણવાની સમજ શક્તિ નથી મળવાની.

ભાઈ! વિચાર કર! અંતરમાં ઝાંક! દુનિયામાં ઘણા એવા મનુષ્યો છે કે જેઓને વીતરાગ-પરમાત્માના દર્શન મળવા પણ અતિ દુર્લભ છે! પંચમહાવ્રતધારી, ત્યાગી, નિર્ગ્રન્થ ગુરુમહારાજની વાણીનો ભાવાર્થ સમજી શકવાની કોઈ તાકાત નથી; તો ધર્મની આરાધના ક્યાંથી કરી શકે?

તારા પુણ્ય પસાયે તને દેવ,-ગુરુ અને ધર્મ સહજમાં પ્રાપ્ત થઈ ગયાં છે. મળેલી તકને ચૂકીશ તો મૂર્ખમાં ખપીશ.

હાથમાં આવેલી બાજીને સુધારી લે. મનુષ્ય જીવનની એકે એક ક્ષણ કિંમતી છે; એને ગુમાવીશ તો પસ્તાવાનો વખત આવશે.



છે. તો તું પારકી પંચાતો કરીને; જુઠું બોલીને; બીજાને હેરાન કરીને તું

તારી અવદશા શા માટે નોતરે છે?

મને તારી દયા આવે છે. તને મળેલું કિંમતી જીવન તું આમને આમ ખોઈ નાખીશ?

બધું! તું સમજ! તને સમજવાનું ભેજું મળ્યું છે, બુદ્ધિ મળી છે, શક્તિ મળી છે, તો અંતરમાં ખોજ કર કે, મારે શું કરવા જેવું છે, અને હું શું કરી રહ્યો છું? પારકી પંચાત નારકીના દરવાજા દેખાડે છે. જુઠું બોલનાર બુઠ્ઠો બને છે. બીજાને હેરાન કરનારને ભવરાનમાં ભટકવું પડે છે. માટે આ બધું છોડી દે. તું દેવ ગુરુ ને ધર્મના ગીત ગા અને તારી ઉચ્ચ દશા પ્રાપ્ત કર! આ માનવ જીવન અવદશા નોતરવાનું ઠેકાણું નથી એમ અંતરમાં કોતરી રાખ; અને ઉચ્ચ દશાને માર્ગે ગતિ કર!

*

અષાડ વદ ૧૦, શુક્રવાર

તો જરા પુણ્ય કરતો જા!

સંસારી જીવડા!

તને ધન મળ્યું અને અન્ન મળ્યું છે, તો ભૂખ્યાને ભોજન આપ; વસ્ત્રહીનને વસ્ત્રો આપ;

દુઃખિયાના દુઃખને ભાંગ! તને શારિરીક શક્તિ મળી છે તો આંધળાનું નેત્ર બન, પાંગળાની લાકડી બન તો તારી માનવતા ખીલી ઊઠશે!

કર્મશક્તિથી કાર્યને ગજવાળ!

ધર્મશક્તિથી માનવતાને અજવાળ!

અધ્યાતમ શક્તિથી આતમને અજવાળ!

જે શક્તિ મળી હોય તેનાથી જરા પુણ્ય કરતો જા!

આતમ શક્તિ અખૂટ છે,

ભાવના અતૂટ રાખ! ભાવના અતૂટ રહેશે તો અખૂટશક્તિ ખીલી ઉઠશે.

આ અવસર પુણ્ય બાંધવાનો છે, પાપથી દૂર રહેવાનો છે. પાપના પડદા જીવને ઓઝલમાં રાખે છે. સુખના દર્શન પણ કરવા દેતા નથી. પુણ્યના બારીક પડદા આત્માને સુખ દર્શન માટે પ્રકાશનું કામ આપે છે. તો જરા પુણ્ય કરતો જા!

★

અષાડ વદ બીજ ૧૦, શનિવાર

અજ્ઞાનના અંધારે અટવાઇશ નહીં!

હે જીવાત્મા!

તું અત્યાર સુધી અજ્ઞાનના અંધારે અટવાયો. કેમકે એકેન્દ્રિય પણામાં અનંતો કાળ કાઢયો; બેઇન્દ્રિય, તેઇન્દ્રિય અને ચૌરિન્દ્રિય પણામાં સંખ્યાતો સમય

પસાર કર્યો. અંધારા ભોંયરામાં જેમ સૂર્યના કિરણ પ્રવેશી શકતા નથી, તેમ ત્યાં જ્ઞાન પ્રકાશ પ્રકાશી શકતો નથી. આમ ઘણા કાળ સુધી તેં અજ્ઞાનના જ અંધારાં ઉલેચ્યાં છે. અજ્ઞાન કષ્ટથી પુણ્યોદય થતાં તું પંચેન્દ્રિય પણું પામ્યો અને તેમાં પણ જ્ઞાનનું શીખર સર કરવા માટે—સર્ચલાઈટ સમા મનુષ્ય ભવને પામ્યો. હવે તો અંતરમાં જ્ઞાનનો દીપક પ્રગટાવ! ક્યાં સુધી અજ્ઞાનનાં અંધારાં ઉલેચવા છે? અજ્ઞાનના અંધારા આત્માને દુઃખની ગહન ગર્તામાં નાખી દે છે. જ્યાં સુધી સૂર્ય ઊગતો નથી ત્યાં સુધી જ અંધારૂં રહે છે. તેમ તારી સામે પ્રભુ મહાવીરનો વાણીરૂપી સૂર્ય ઝળહળી રહ્યો છે. હવે અજ્ઞાનના અંધારે અટવાઈશ નહીં!



અષાડ વદ ૧૧, રવિવા

તારા સ્વરૂપને પીછાણ!

જ્ઞાની આત્મા!

તારૂં સ્વરૂપ નિર્મલ છે. તારો સ્વભાવ જ્ઞા
મય, દર્શન મય, અને ચારિત્ર મય છે. તારા મૂળ
પણ એ રત્નત્રયી જ છે. પણ ક્યારે? કે જ્યારે
આધ્યાત્મિક ભાવ ભળ્યો હોય ત્યારે.

તારા જ્ઞાનમાં આધ્યાત્મિક વિચાર છે ખરા
તારા દર્શનમાં આધ્યાત્મિક દૃષ્ટિ છે ખરી

તારા ચારિત્રમાં આધ્યાત્મિક આચાર છે ખરા ? જો હોય તો તું ખરેખર તારૂં સ્વરૂપ પીછાણી શકયો છે. જો ન હોય તો તો એ તારી શક્તિ ગમે તેટલી ખીલેલી હોય તોયે નકામી છે. વિચારમાં આધ્યાત્મિક ભાવ ન હોય તો અજ્ઞાન છે; દૃષ્ટિમાં આધ્યાત્મિક ભાવ ન હોય તો મિથ્યાત્વ છે; અને આચારમાં આધ્યાત્મિક ભાવ ન હોય તો ચારિત્ર નિર્મળ હોતું નથી. એનાથી તારૂં કલ્યાણ કદી થવાનું નથી. માટેજ કહું છું કે તું તારા સ્વરૂપને પીછાણ અને અધ્યાત્મ લક્ષી બન !

તું નક્કી ઉર્ધ્વગામી બનીશ



અષાડ વદ ૧૨, સોમવાર

પુરુષાર્થી બન !

ઓ આતમરામ !

અનંત શક્તિનો ધણી એવો તું તારી શક્તિ કયા માર્ગે વાપરે છે ? માત્ર પૈસો મેળવવા માટેજ ને ? લાડી, વાડી ને ગાડીની મોજ મેળવવા માટેજ ને ? સંસારના સુખ માણવા માટેજ ને ? આ બધું મેળવવા પાછળ તું તારી અનંત શક્તિ ગુમાવી રહ્યો છે. અને ધર્મધ્યાન કરવાની વાત ભાગ્ય પર છોડે છે ? આ તને બરાબર લાગે છે ?

વિચાર તો કર ! ભગવાન મહાવીરને આ સાંસારિક

સંપત્તિ સહજ મળી હતી છતાં તેને લાત મારી ધર્મ માટે, આત્મા માટે કેવો પુરૂષાર્થ આદર્યો હતો ? આખરે તેઓશ્રી મહાવિજયી બનવા સાથે આત્મિક સંપત્તિના અધિપતિ બન્યા. ? તું પણ એ પ્રભુનો જ પુત્ર છે અને ભક્ત પણ. હવે એ પરમપિતા જેવો પનોતો પુત્ર બનવા પ્રયત્ન કર! પ્રભુ બનવા પ્રખર પુરૂષાર્થી બન ! મોક્ષ માટે ધર્મ આરાધના ભણી પગલા માંડ! પુરૂષાર્થ. ફોરવ !



અષાડ વદ ૧૩, મંગળવાર

તારી ભવ્યતા ઝળકાવ !

ભવ્ય પ્રાણી !

તારી ભવ્યતા ઝળકાવવાનો આ ખરો સમય છે કેમકે તારો જન્મ આર્યક્ષેત્ર (ભરત)માં, આર્યદેશ (ભારત) માં, અને આર્યકુલ (જૈનકુલ) માં થયો છે. પાંચે ઇન્દ્રિયોથી પરિપૂર્ણ એવું સુંદર શરીર મળ્યું છે. જૈન શાસનની શીળી છાયા મળી છે. વીતરાગ જેવા દેવ અને પંચ મહાવ્રત ધારી ગુરુ તેમજ અહિંસા છે મૂળ જેમાં એવો ધર્મ પ્રાપ્ત થયો છે. આ અવસરે તારી ભવ્યતા નહીં ઝળકાવે તો પછી ક્યારે ? માટે જ ગવાય છે કે

આજનો લહાવો લીજીએ રે કાલ કોણે દીઠી છે ?

આ પંક્તિમાં તને બોધ મળે છે કે નહીં ?

ભક્ત બનજે ! જેણે અહિંસા રૂપી અમૃત ! પીધું છે તે અમર બન્યા વગર રહ્યો નથી.

સાંભળ, તે, કાલિક સૌરિક કસાઈના જ પુત્ર સુલસ, એ પાપી પિતાનો પુત્ર હોવા છતાં અભય કુમાર જેવા સન્મિત્રથી અહિંસામાતાનો પરમ ભક્ત બન્યો; એને કુલ પરંપરાથી ચાલ્યા આવતા જીવહિંસા જન્ય પાપને હટાવી અહિંસા માતાને જનની તરીકે ગણનારો સ્વર્ગીય સુખનો ભોક્તા બન્યો.

હિંસા કોઈને પણ સુખદાયક થઈ નથી અને અહિંસા કોઈ ને પણ દુઃખદાયક થઈ નથી. માટે જો તારે નિરોગી શરીર, લાંબુ આયુષ્ય, અને પાંચેઈન્દ્રિયો પરિપૂર્ણ મેળવવી હોય તો તું અહિંસા માતાનો પરમ ભક્ત બનજે !

સ્થૂલથી પ્રાણાતિપાત વિરમણ વ્રતને સ્વિકારી ધન્ય બનજે !



આ. સુદ ૨, શનિવાર

અસત્ય દુઃખ દાયક છે !

ઓ અસત્યના રાગી !

તને અસત્ય એટલે જુઠ્ઠુ બોલવું બહુ મીઠું લાગે છે ખરું ? જીવનમાં પગલે પગલે તું અસત્યનો આશરો

પણ તને ખબર છે કે અસત્યવાદીની કઈ
.ાય છે ?
જિંદગી સુધી સત્ય પ્રતિજ્ઞા પર નિર્ભર રહેનારો
જા ફક્ત એક જ વખત અસત્ય બોલ્યો અને
રીતે અન્યાયનો પક્ષ લીધો તો તેના કેવા હાલ
? સિંહાસન પરથી ગબડી લોહી વમતો થયો અને
ને નરકમાં ગયો.

સંસારમાં ઝઘડા અસત્યથી થાય છે. જીવન
ર્ોહ માટે ધંધો અસત્યથી થાય છે; અને દુનિયાનો
કુવાર પણ મોટે ભાગે અસત્ય પણાથી જ ચાલે છે.
ધુ તો શું ? આજે સઘળો માનવ સમાજ અસત્યના
ાર્ગે દોડી સુખ મેળવવા મથી રહ્યો છે. સુખ
મળશે ખરું ?

કદી અગ્નિમાં કમળ ઊગે ખરા ?



આ. સુદ ૩, રવિવાર

સત્યના માર્ગે ચાલજે !

સત્યના પૂજારી !

તારે સત્યના માર્ગે ચાલવું છે ? તું અસત્યના;
જુઠાણાના, કાવાદાવાથી કંટાળ્યો છો ? તો તારે તારૂં
વર્તન ફેરવવું પડશે ? ઘણા સમયથી તું અસત્યના માર્ગે
ચાલ્યો આવે છે. અને એનાથી પ્રાપ્ત થતી દુઃખ
પરંપરા સહન કરી રહ્યો છે.

ચોરીના માર્ગે કદાપિ જાઈશ નહીં !

ગગન ! તું સમજ છે ?

તો ચોરીના માર્ગે કદાપિ જાઈશ નહીં. ક
ચોરી ભયંકર વસ્તુ છે. ચોરીનું ધન પાપમાંથી મ
છે. એ ધનથી મળતું સુખ શરીરમાં રોગ ઉત્પન
છે. ચોરી મૃત્યુ સુધીના દંડ કરનારી ચીજ છે.

ખરેખર પારકું ધન, અનિતિનું ધન, અને
વસ્તુઓ કદી કોઈને પચતી નથી !

ચોરી કરીને આજીવિકા ચલાવનાર જીવોની તેં
શા જોઈ છે ને? ચોરીના ધનનું અનાજ પેટમાં જાય
એટલે આત્માના અધ્યાત્મિક વિચારો બગડી જાય છે.
જેના વિચાર સારા નથી તેના આચાર ક્યાંથી સારા
હોય? અને વિચાર તેમજ આચાર જેના ખરાબ હોય
તેના ઉચ્ચાર પણ ક્યાંથી સારા હોય?
માટે ચેતીને ચાલજે; ચોરીનો માર્ગ બહુ ભયંકર છે.



શ્રા. સુ. ૫, મંગળવાર

અચૌર્યવ્રતને દીપાવજે!

નિર્દોષ આત્મન્!

તારે નિર્દોષ જીવન જીવવું હોય તો અચૌર્યવ્રતને
ધારણ કરજે!

રોહીણીયા જેવો ભયંકર ચોર પણ અનાયાસે પ્રભુ
મહાવીરની વાણી સાંભળી ગયો તો પણ તરી ગયો.
અચાનક સાંભળેલી વાણી પણ ભવ રોગ મટાડવામાં
રસાયણ ઔષધ સમી બની. એ ચોરને અચૌર્યવ્રતનો
મહિમા સમજાયો અને અચૌર્યવ્રતધારી બન્યો.

એટલું જ નહીં પણ એક વખત બુદ્ધિધન શ્રી
અભયકુમાર જેવા મહામંત્રીશ્વરને પણ હંફાવનાર એવો
ચોર પ્રભુ મહાવીરનો પરમ ભક્ત શિષ્ય બન્યો.

અદત્ત લેવું એ પાપ છે. અને લેનારને ઉત્તેજન
આપવું એ મહાપાપ છે.

[illegible]

સ્પર્શેન્દ્રિય કોમળ સ્પર્શ માગે છે

રસેન્દ્રિય મીઠું મનગમતું ખાવાનું માગે છે

(ખાવાનું નહીં....?)

ઘ્રાણેન્દ્રિય સુગંધી પદાર્થો માગે છે.
ચક્ષુરિન્દ્રિય રૂપ-રંગ માટે તલસે છે. શ્રોતેન્દ્રિય-કર્ણપ્રિય સંગીત અને પરનિંદા સાંભળવા માગે છે. ઈન્દ્રિયોનું બાહ્ય સૌંદર્ય સુંદર લાગતું હોય પણ પરિણામ અતિભયંકર છે. તું જ્ઞાનદૃષ્ટિથી જોઈશ તો આ કણ સમજાશે. વિચારીને શરીરનો ઉપયોગ કર; વિચારીને ઇન્દ્રિયોને સન્માર્ગે વાળ; સદુપયોગ કરતાં શીખી જા!



આ. સુ. ૭, ગુરુવાર

સદાચાર સોહામણો છે

કર્માધિન આત્મા !

તારે પવિત્ર બનવું છે ? તો સદાચારને અપનાવજે ! જે સદાચારી હોય છે તેના વિચાર, વાણી, ને વર્તન ત્રણે એકરૂપ હોય છે.

જેના વિચાર, વાણી, ને વર્તન એક તેનું જીવન પવિત્ર અને સોહામણું હોય છે. મહાસતી સીતાનું જીવન એવું જ રળીયામણું હતું. જ્યારે આજે જ્યાં જુઓ ત્યાં સદાચારને નેવે મૂકી વર્તનારા મનુષ્યોના હાલ કેવા નજરે પડે છે ? માટે જ તને કહુ છું કે તું સર્વત્યાગી (સાધુ) બને તો બહુ સારી વાત છે. પણ એવી તાકાત ન કેળવી હોય અને સંસારમાં રહેવું પડે તોપણ સદાચારી જીવન જીવજે.

સ્થૂલથી બ્રહ્મચર્ય વ્રતને સ્વીકારી જીવન ધન્ય બનાવજે, કેમકે સદાચાર સોહામણો છે. એનાથી જીવન સોહામણું બને છે; અને સોહામણું જીવન અપૂર્વ શોભા આપે છે.

☆

આ. સુ. ૮, શુક્રવાર

આસક્તિ એ મહાપાપ છે

આસક્ત આત્મા,

તું જે ધન-ધાન્ય, કુટુંબ-પરિવાર પ્રત્યે, આસક્તિ ભાવ રાખી રહ્યો છે, પણ એ આસક્તિભાવ તને અશાંતિના

અખાડામાં દોરી જાય કે એ બજાર છે? એ મમત્વભાવ તું ગમે તેટલો રાખીશ તોયે એક વખત તો તારે છોડવા જ પડશે. સ્વતંત્રતાથી નહીં છોડે તોયે પણ પરતંત્રતાથી પરાણે રોતાં રોતાં તને જમરાજ અવશ્ય છોડાવશે જ.

તું રોતાં રોતાં છોડે અને તારે પરાણે છોડવું પડે એવો બુદ્ધિ વગરનો ખેલ શા માટે તું બને છે? એવું માયકાંગલાપણું તને જરાયે શોભાસ્પદ નથી.

મમ્મણ શેઠે પાઈ પાઈ એકઠી કરીને અનર્ગલધન ભેગું કર્યું. પણ પેટમાં તો તેલ ચોળા સિવાય કંઈ પણ પામી શક્યો નહીં. એ આસક્તિ ભાવે જ તેને ભવાંતરમાં ભટકતો કરી દીધો. પદાર્થ કરતાં આસક્તિભાવ જ કર્મ બંધાવે છે.

આસક્તિ અને મમત્વભાવ જ્યારે દિલમાંથી છુટશે ત્યારે જ ધર્મનો મહિમા સમજાશે. અને પાપથી તું છૂટશે.



આ. સુ. ૯, શનિવાર

ધન્ય એ મહાત્માઓને !

ભાગ્યશાળી,

પરિગ્રહની મમતા છોડી આનંદશ્રાવક જેવા મહાત્માઓ સંસારમાં રહેલા હોવા છતાં પણ ધન્ય બની ગયા.

સ્વાધિન પદાર્થોનો ઈચ્છાપૂર્વકનો ત્યાગ આત્માને ઉન્નતિના શિખરે ચડાવે છે. ભગવાન મહાવીરે પણ આજ બોધ મુમુક્ષુ આત્માઓને આપ્યો છે. જો તું મુમુક્ષુ હોય

તો એ સદ્બોધને જીવનમાં ઉતાર અને ધન્ય બન ! પરિગ્રહની મમતા છોડી નિષ્પરિગ્રહી બનવા પ્રયત્ન કર ! મમત્વ ભાવને છોડી સમતાની સાધના કર ! ભલે તારી ત્યાગી બનવાની તાકાત ન હોય તો પણ ત્યાગીનો રાગી તો જરૂર બનજે ! એ રીતે કોઈ વાર ધીરે ધીરે વીતરાગી બનવાની તક મળી જશે. ખરેખર વીતરાગી ભાવના આત્માને ચિરઃશાંતિના અમીપાન કરાવશે. જેઓ રાગ છોડી વીતરાગ બન્યા એ આત્માઓને ધન્ય હો !

★

આ. સુ. ૧૧, રવિવાર

રાત્રી ભોજન તજવા જેવું છે

પુન્યશાળી આત્મા !

સૂર્ય એ દિવસનો અધિપતિ છે. આપણને પ્રકાશ સાથે પ્રેરણા આપે છે. આપણો પરમ ઉપકારી છે. માટે શુભકાર્યો એની હાજરીમાં આપણે કરવા જોઈએ. કેમકે સૂર્ય એ દેવ છે. બધા દિન કૃત્યો એની હાજરીમાં જેમ થાય છે તેમ ભોજન જેવું કાર્ય પણ આપણે એની સાન્નિધ્યમાં જ કરવું જોઈએ. પુન્યના કામોમાં સૂર્યદેવ આપણા સહકારી છે એ એક વાત અને બીજી વાત એ કે રાત્રિભોજનમાં જીવહિંસાની પ્રધાનતા છે. જ્યાં હિંસા ત્યાં ધર્મ કોઈ કાળે રહી શકતો નથી. જ્યાં હિંસા ત્યાં ધર્મ નહીં અને ધર્મ ત્યાં હિંસા નહીં. હિંસા પાપનું મૂળ છે. જ્યારે અહિંસા ધર્મનું મૂળ છે. જો આપણે

અખાડામાં દોરી જાય છે કે બહાર છે? એ સમજીને તું ગમે તેટલો રાખીશ તોયે એક દિવસ તો તારે છોડવા જ પડશે. સ્વતંત્રતાથી નહીં છોડે તોયે પણ પરતંત્રતાથી પરાણે રોતાં રોતાં તને જમરાજા અવશ્ય છોડાવશે જ.

તું રોતાં રોતાં છોડે અને તારે પરાણે છોડવું પડે એવો બુદ્ધિ વગરનો ખેલ શા માટે તું બને છે? એવું માયકાંગલાપણું તને જરાયે શોભાસ્પદ નથી.

મમ્મણ શેઠે પાઈ પાઈ એકઠી કરીને અનર્ગલધન ભેગું કર્યું. પણ પેટમાં તો તેલ ચોળા સિવાય કંઈ પણ પામી શક્યો નહીં. એ આસક્તિ ભાવે જ તેને ભવાંતરમાં ભટકતો કરી દીધો. પદાર્થ કરતાં આસક્તિભાવ જ કર્મ બંધાવે છે.

આસક્તિ અને મમત્વભાવ જ્યારે દિલમાંથી છુટશે ત્યારે જ ધર્મનો મહિમા સમજાશે. અને પાપથી તું છૂટશે.



શ્રા. સુ. ૯, શનિવાર

ધન્ય એ મહાત્માઓને!

ભાગ્યશાળી,

પરિગ્રહની મમતા છોડી આનંદશ્રાવક જેવા મહાત્માઓ સંસારમાં રહેલા હોવા છતાં પણ ધન્ય બની ગયા.

સ્વાધિન પદાર્થોનો ઈચ્છાપૂર્વકનો ત્યાગ આત્માને ઉન્નતિના શિખરે ચડાવે છે. ભગવાન મહાવીરે પણ આજ બોધ સુમુક્ષુ આત્માઓને આપ્યો છે. જો તું સુમુક્ષુ હોય

તો એ સદ્બોધને જીવનમાં ઉતાર અને ધન્ય બન! પરિગ્રહની મમતા છોડી નિષ્પરિગ્રહી બનવા પ્રયત્ન કર! મમત્વ ભાવને છોડી સમતાની સાધના કર! ભલે તારી ત્યાગી બનવાની તાકાત ન હોય તો પણ ત્યાગીનો રાગી તો જરૂર બનજે! એ રીતે કોઈ વાર ધીમે ધીમે વીતરાગી બનવાની તક મળી જશે. ખરેખર વીતરાગી ભાવના આત્માને ચિરઃશાંતિના અમીપાન કરાવશે. જેઓ રાગ છોડી વીતરાગ બન્યા એ આત્માઓને ધન્ય હો!

★

શ્રા. સુ. ૧૧, રવિવાર

રાત્રી ભોજન તજવા જેવું છે

પૂન્યશાળી આત્મા!

સૂર્ય એ દિવસનો અધિપતિ છે. આપણને પ્રકાશ સાથે પ્રેરણા આપે છે. આપણો પરમ ઉપકારી છે. માટે શુભકાર્યો એની હાજરીમાં આપણે કરવા જોઈએ. કેમકે સૂર્ય એ દેવ છે. બધા દિન કૃત્યો એની હાજરીમાં જેમ થાય છે તેમ ભોજન જેવું કાર્ય પણ આપણે એની સાન્નિધ્યમાં જ કરવું જોઈએ. પુન્યના કામોમાં સૂર્યદેવ આપણા સહકારી છે એ એક વાત અને બીજી વાત એકે રાત્રિભોજનમાં જીવહિંસાની પ્રધાનતા છે. જ્યાં હિંસા ત્યાં ધર્મ કોઈ કાળે રહી શકતો નથી. જ્યાં હિંસા ત્યાં ધર્મ નહીં અને ધર્મ ત્યાં હિંસા નહીં. હિંસા પાપનું મૂળ છે. જ્યારે અહિંસા ધર્મનું મૂળ છે. જો આપણે

[illegible]

★

[illegible] અથડાય છે

વ્યસની આત્મા.

[illegible] વ્યસનોમાં ગણાય છે તે વ્યસનો સાત છે તેમાં પહેલું વ્યસન છે જુગાર. જુગાર એટલે જુગારી રમત રમવી. આ રમતનો [illegible] આત્માને એવો [illegible] લાગ છે કે [illegible] ગાંડા જેવી દશાને [illegible] છે. આ રમતથી અનેક આત્માઓ પાયમાલ થયાના દાખલા મોજુદ છે. મહાન સમર્થ પાંચ પાંડવ અને નળરાજા જેવા મોટા ગાંધાતા મહારાજાઓ પણ આ વ્યસનના પાશમાં પડી આફતોને નોતરાં આપ્યાં છે. ન કરવાના કામો એમના હાથે થઈ ગયા છે. આ રાજાઓ રાજપાટ હારી ગયા એટલું જ નહીં પણ દ્રોપદી અને દમયંતી જેવી મહાસતી ભાર્યાઓને પણ હોડમાં મુકતાં અચકાયા નથી.

ક્ષણિક આનંદ માટે રમાતી આ રમત કુળનું નિકંદન કાઢનારી છે. હે આત્મા! તું જો જુગાર રમતો હોય તો બંધ કરી દેજે. ન રમતો હોય તો હવે એ ફંદમ બિલકુલ ફસાઈશ નહીં; નહીંતર તારી પણ આ દશા થતાં વાર નહીં લાગે. વ્યસની આત્મા જ્યાં ત્યાં અથડાય છે

★

આ. શુ. ૧૩, મંગળવાર

પારકી ચીજને પોતાની કરવા મથીશ નહીં

દયાળુ આત્મા !

બીજુ વ્યસન છે ચોરી. આ ચોરી પણ મહાપાપ બંધાવે છે. જો તારા દિલમાં કંઈ પણ પાપનો ડર હોય તો કોઈની પણ પારકી ચીજ પોતાની કરવા મથીશ નહીં. ચોરી કરનારને આ ભવમાં ભયંકર શિક્ષા ખમવી પડે છે અને પરભવમાં પરમાધામીઓના માર સાથે ભયંકર શિક્ષા સહન કરવાનો અવસર આવી જાય છે.

આજના વર્તમાન યુગમાં ચોરીનો ધંધો ખૂબ ફાલ્યો-ફુલ્યો છે. જ્યાં જુઓ ત્યાં બધે ચોરી....ચોરીની જ બુમો સંભળાય છે ! આ શું બતાવે છે ? આજે માણસને ધંધો કરવો ગમતો નથી અને એશઆરામમાં નાણા ફુંકવા છે. મફતીયા માલ મળે ત્યાં સુધી મેળવવા છે. ચોરીનો આશરો લઈને પણ માણસ પોતાના શોખ પૂરા કરવા રાત કે દિવસ જોયા વગર પારકા ધનને પોતાનું કરવા તનતોડ મહેનત કરે છે. આથી એની દશા "અતોભ્રષ્ટં-તતોભ્રષ્ટં" જેવી થાય છે. તારો નંબર જો એ માર્ગમાં હોય તો ભૂંસી નાંખજે; સંતોષી બની સુખી થજે !



આ. સુ. ૧૪, બુધવાર

દારૂનો નશો ભાન ભૂલાવે છે

જાગ્રત આત્મા !

ત્રીજું વ્યસન છે દારૂ. દારૂ મહા કેફી વસ્તુ છે.

પીનારનું ભાન નષ્ટ થઈ જાય છે. દારૂ પીનારને સારાસારનો ખ્યાલ નથી રહેતો. છતી આંખે આંધળો બની જાય છે. ન કરવાના કામો એના હાથે થઈ જાય છે. આવા કેફી પદાર્થો આત્માના ગુણોને હાનિ કરનાર છે. અનેક જાતના કર્મબંધન કરાવે છે

દારૂ પીને છાકટા બનેલા આત્માઓ વટવહેવારને સમજતા નથી તો ધર્મ સ્વરૂપને ક્યાંથી સમજી શકે? સમજુ અને ધર્મરાગી આત્માઓએ કેફી પીણાને છોડી દેવા જોઈએ. કેફી વસ્તુનો ઉપયોગ આજે એટલો બધો વધી ગયો છે કે જે આત્માઓ સાચા ધર્મરાગી હોય તેજ તેનાથી મુક્ત રહી શકે છે.

તારા હૈયાની ભીતરમાં જરા જેટલો પણ જો તને ધર્મરાગ હોય તો આવા દુષ્ટપીણાથી તું સદંતર દૂર રહેજે.

દારૂ પીનાર ધર્મ કૃત્યો કરી શકતો નથી અને કરે છે તો લેખે લાગતા નથી; માટે જ જ્ઞાની પુરૂષોએ તેને તજવાનું કહ્યું છે.

આ. સુ. ૧૫, ગુરુવાર

અન્ય પ્રાણીઓનો રક્ષક બનજે...

પ્રાણપ્રિય આત્મા !

તારા પ્રાણ તને પ્રિય છે તેવા બીજાને પણ પોતાના પ્રાણ પ્રિય હોય છે. ચોથું વ્યસન માંસભક્ષણનું છે. માંસભક્ષણ હિંસા વગર થઈ શકતું નથી.

આજે કોઈને કોઈ રીતે આડી કે સીધી રીતે પણ આ વસ્તુનો છડેચોક સ્વીકાર થઈ રહ્યો છે. અને એથી જ આજે માનવગણ બુદ્ધિ ભ્રષ્ટ થઈ રહ્યો છે.

બુદ્ધિ ભ્રષ્ટ માનવ સગાભાઈને પણ ભાઈ તરીકે પીછાણતો નથી તો પછી બીજાની તો વાત જ શી કરવી?

પ્રભુ મહાવીરે તો દરેક પ્રાણીઓ પ્રત્યે ભ્રાતૃભાવ રાખવાનું કહ્યું છે. આજે અભાદ્ય ખોરાકો કેટલા વધી રહ્યા છે? અપેય પીણાઓના પાન કરીને વિલાયતી દવાઓનો ઉપયોગ કરીને માનવ ક્રુર બની રહ્યો છે. કોડલીવર ઓઈલ જેવી માંસલસ્પુર દવાઓ જ્યાં સુધી લેવાશે ત્યાં સુધી મન વચન ને કાયાની આરોગ્યતા શી રીતે સાંપડશે! સ્વદયામાં પરદયા સમાયેલી છે. અને પર દયામાં સ્વદયા સમાયેલી છે!



આ. વ. ૧, શુક્રવાર

માનવભવની શોભા

શીલ પ્રેમી આત્મા!

તું અનાદિ કાળથી પાશવીવૃત્તિઓના બળે આજે સંસાર સુખનો રાગી બન્યો છે. પણ સંસારના સુખના રંગરાગ ક્ષણિક છે.

જેમ કસ્તુરીઓ મૃગ પોતાની ડુંટીમાં જ કસ્તુરી હોવા છતાં એ કસ્તુરીની સુગંધ લેવા વનેવનમાં ભટકે છે; પણ એમ કસ્તુરી મળે ખરી? નથી મળતી.

તેમ આજે માનવ પણ સુખરૂપી કસ્તુરી પોતાની કુંડીમાં હોવા છતાં ઇન્દ્રિયજન્ય સુખ પાછળ સંસાર રૂપી વનમાં ચારે બાજુ ભમી રહ્યો છે દોડી રહ્યો છે છતાં સુખરૂપી કસ્તુરી મેળવી શકતો નથી. પણ એ મનુષ્યભવની શોભાને તો હાનિ પહોંચે જ છે.

જીવનની શોભા ત્યારે જ વધે કે જ્યારે મનુષ્ય પાંચમું વ્યસન જે પરસ્ત્રીગમન છે તેનો ત્યાગ કરે. પોતાની પત્ની સિવાય હરેક બ્હેનોને માતૃભાવથી અને ભગિની ભાવથી જોતાં શીખશે ત્યારે જ માનવતા ખીલી ઉઠશે. અને એની શોભા ઓર વધી જશે ! ને સુખરૂપી કસ્તુરીનો આસ્વાદ માણી શકાશે !



શ્રા. વ. ૨, શનિવાર

નિંદ્યગમન ત્યાજ્ય

સુભાગી આત્મા !

તું આર્યત્વના સંસ્કાર લઈને આ અવનિ પર અવતર્યો છે. અને તેમાંય વળી જૈન કુલમાં અવતાર પ્રાપ્ત થયો. એટલે તને શીલધર્મની મહત્તા પૂરેપૂરી સમજાણી હોવી જોઈએ. શીલસૌરભથી તારૂ જીવન મહેકતું રાખજે !

છઠ્ઠા વ્યસનમાં જ્ઞાની પુરૂષોએ "વેશ્યાગમન" ત્યાજ્ય બતાવ્યું છે. એ દોષ અતિનિંદ્ય છે.

જે આત્માઓ શીલ અને સદાચારના રંગે રંગાએલા છે તે આત્માઓને તો "નિંદ્યગમન" તો હોયજ નહીં.

છતાં મોહનીય કર્મના નશામાં ચકચૂર બનેલા આત્માઓ કોઈ વાર અકાર્ય પણ કરી બેસે છે. કેમકે કર્મના વશથી પાશવીવૃત્તિઓ જોર કરી આત્માને કુમાર્ગે ઘસડી જાય છે. આ તારે સંસારમાં રહીને યશસ્વી જીવન જીવવું હોય અને અપયશ ન ગમતો હોય; તેમ જ વ્યવહાર પણ સુંદર રાખવો હોય તો આ છઠ્ઠા વ્યસનથી તારે દૂર રહેવું. કેમકે વ્યવહારમાં પણ નિંદ્યગમન ત્યાજ્ય છે તો ધર્મમાર્ગમાં તો હોય જ.

*

મા. વ. ૬, રવિવાર

માનવતાના સંસ્કારો

માનવતાના પૂજારી !

આજે તું માનવ જેવો માનવ થઈને માનવતાને દૂર ફેંકી બીજાનો શિકાર કરતાં અચકાતો નથી.

સાતમા વ્યસનમાં પ્રભુએ શિકારનો નિષેધ કર્યો છે. શિકાર એટલે બીજાના જીવનો નાશ કરવો, મારી નાખવા; અથવા તો હેરાન પરેશાન કરી બરબાદ કરવા.

અરે, ભલાભાઈ, તું જે વસ્તુ બીજાને આપી શકતો નથી તે વસ્તુ લેવાનો તારો શો અધિકાર છે ?

આજની વિચિત્ર દુનિયામાં સંસારી જીવો શિકાર ઝડપવાની તક જ શોધતા હોય છે, પછી ભલે ને પોતાનો સગો ભાઈ હોય કે બીજા માનવ ભાઈઓ. પશુનો શિકાર તો દૂર રહ્યો પણ આજે માનવ માનવનો શિકારી બન્યો

છે! તારો ધર્મ પણ ઉત્તમ છે!

તારા દેવ ઉત્તમતાના શીખરે પહોંચેલા છે! તારા ગુરૂ ઉત્તમતાના માર્ગે છે! અને તું ઉત્તમતાનો રાગી બન્યો છે અથવા રાગી બનવા અનુરાગી છે! તો આ સંસારમાં સુખી અને દુઃખી જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવ રાખજે!

આ દુનિયામાં બસ હું જ બરાબર છું. હું જ જે કરૂં છું તે બરાબર કરૂં છું; બીજા બધા જે કરે છે તે બરાબર નથી કરતા. સુખી જીવો પ્રત્યે ઇર્ષ્યાવૃત્તિ રાખવી અને દુઃખી જીવો પ્રત્યે તિરસ્કાર બુદ્ધિ રાખવી. તારૂં આવું વલણ જો હશે તો તને ઉત્તમતાના શિખરે ચઢવાની તક નથી.

પણ અપેક્ષાના અનુસારે સર્વ જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવના રાખીશ તો જ તું ઉત્તમતાનો રાગી બની એ માર્ગે ચાલી ઉત્તમતાના શિખરે પહોંચી શકવા સમર્થ બની શકીશ! માધ્યસ્થભાવ સુખી જીવનનું લક્ષણ છે.

★

શ્રા. વ. ૮, ગુરૂવાર

મનોવૃત્તિના અજવાળે

મનસ્વિ આત્મન્!

તું આ શરીર રૂપી નગરીનો રાજા છે. મન એ તારો પ્રધાન છે. તારા જીવનમાં મોહસેના અને ધર્મસેના એ

આ. વ. ૬, બુધવાર

કરુણાના કલરવે

સમર્થ આત્મન્ !

તારૂં જીવન કરુણાના કલરવે ગુંજારવ કરતું હોવું જોઈએ. કેમકે તું કરુણા સાગર એવા ભગવાન મહાવીરના અનુયાયી તરીકે ઓળખાવતાં ગર્વ અનુભવે છે, પણ તારી જાતને તેં પુછ્યુ છે ખરૂં કે તું મહાવીરનો સાચો અનુયાયી છે ?

જો હા, તો "આત્મવત્સર્વભૂતેષુ" એવો ભગવાન મહાવીરનો પયગામ તારા અણુંએ અણુંમાં વ્યાપ્ત હોવો જોઈએ. ભગવાન મહાવીરના કરુણાના પાઠ જો તેં બરાબર વિચાર્યા હોય તો ઓછી બુદ્ધિવાળા, અશક્ત, રોગી, ગરીબ અજ્ઞાની એવા જીવો પ્રત્યે તને નફરત ન આવવી જોઈએ. જેવો હું છું તેવા જ સર્વજીવો છે. સૌ સૌના ભાગ્યે સૌને ઉચ્ચનિચ્ચતા પ્રાપ્ત થાય છે. હું મન, વચન ને કાયાથી કોઈને પણ દુઃખરૂપ ન થાઉં એવા કરુણાના કલરવ તારા હ્રદય રૂપી સરોવરમાં જાગવા જોઇએ. એ કરુણાના કલરવે જીવન સફળ કર !



આ. વ. ૭, ગુરુવાર

અપેક્ષાના અણસારે

ઉત્તમ આત્મન્ !

છે! તારો ધર્મ પણ ઉત્તમ છે!

તારા દેવ ઉત્તમતાના શીખરે પહોંચેલા છે! તારા ગુરૂ ઉત્તમતાના માર્ગે છે! અને તું ઉત્તમતાનો રાગી બન્યો છે અથવા રાગી બનવા અગ્રગામી છે! તો આ સંસારમાં સુખી અને દુઃખી જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવ રાખજે!

આ દુનિયામાં બસ હું જ બરાબર છું. હું જ જે કરું છું તે બરાબર કરું છું; બીજા બધા જે કરે છે તે બરાબર નથી કરતા. સુખી જીવો પ્રત્યે ઈર્ષ્યાવૃત્તિ રાખવી અને દુઃખી જીવો પ્રત્યે તિરસ્કાર બુદ્ધિ રાખવી. તારૂં આવું વલણ જો હશે તો તને ઉત્તમતાના શિખરે ચઢવાની તક નથી.

પણ અપેક્ષાના અનુસારે સર્વ જીવો પ્રત્યે માધ્યસ્થ ભાવના રાખીશ તો જ તું ઉત્તમતાનો રાગી બની એ માર્ગે ચાલી ઉત્તમતાના શિખરે પહોંચી શકવા સમર્થ બની શકીશ! માધ્યસ્થભાવ સુખી જીવનનું લક્ષણ છે.

★

આ. વ. ૮, શુક્રવાર

મનોવૃત્તિના અજવાળે

મનસ્વિ આત્મન્!

તું આ શરીર રૂપી નગરીનો રાજા છે. મન એ તારો પ્રધાન છે. તારા જીવનમાં મોહસેના અને ધર્મસેના એ

ની લડાઇ ચાલી રહેલી છે. તારા પ્રધાનને એક બાજુ
સેનાના અને બીજી બાજુ ધર્મસેનાના અનુચરો ખેંચી
છે. મોહસેનાનો સેનાપતિ લોભ છે અને ધર્મસેનાનો
ાપતિ સંતોષ છે. જો તું કાચા કાનનો થઇ મોહસેના
ચે આકર્ષાયેલા તારા મનઃપ્રધાનનું કહ્યું કરીશ તો એ
ધાન તને લોભ સેનાપતિ પાસે લઈ જશે. અને એ
સેનાપતિ તને પોતાના અગાધ મોહસેના રૂપ સમુદ્રમાં
નાખી દેશે. જ્યાંથી છટકબારી મળવી મુશ્કેલ છે. પણ
જ્યારે તારો પ્રધાન એ સેનાપતિના કાવાદાવાથી કંટાળ્યો
હોય અને જરા ધર્મસેના પ્રત્યે અનુરાગી બનતો હોય
ત્યારે તું તેનું કહ્યું માની લઈશ તો તને તારો પ્રધાન
સંતોષ સેનાપતિ પાસે લઈ જશે. એ સેનાપતિ તને
ધર્મસેના રૂપ નિર્મલ સરોવરમાં સ્નાન કરાવશે. મનોવૃત્તિના
અજવાળે તારું જીવન અજવાળી લેજે!



આ. વ. ૯, શનિવાર

જ્યોતિના ઝબકારે !

જ્યોતિર્ધારિ આત્મન્!

તું સાચે જ્યોતિર્ધારી છે, કેમકે જ્ઞાનની જ્યોત તારા આત્મ પ્રદેશોના ઉડાણમાં ધીમી ધીમી ઝળકી રહી છે. એ જ્યોતિનો આછો આછો પ્રકાશ તારા ચેતનને અજવાળી રહ્યો છે. તું એમાં શ્રદ્ધાનું દિવેલ પુર! જ્ઞાનની જ્યોત સતેજ બનશે. એ ઝાંખી ઝાંખી જ્યોતિના ઝબકારે

કર્મના પડદા નિર્શઈ જાય એના માટે પ્રયત્ન કર! આઠ આઠ કર્મના પડદા તારા આત્મિક સૌંદર્યને છુપાવી રહ્યા છે. એ સૌંદર્યને તું પ્રગટ કર! તું તારી જાતને કોઈ વાર પામર ન માનીશ; તું તો અનંત શક્તિનો-અનંત જ્યોતિનો અધિપતિ છો; મહાન સમર્થ આત્મા છો! પણ....

બાહ્ય દુનિયાના સૌંદર્યમાં મુગ્ધ બની તું તને પોતાને જ ભૂલી ગયો છે! ભૂલી ગયો છે! એ સૌંદર્યમાં ખોવાવા તું સરજાયો નથી. તારી પામરતાને ખંખેરી નાખ! જ્યોતિના ઝળકારે તારા આત્મિક સૌંદર્યને પીછાણી લે! તારા અનુપમ રૂપને પ્રગટ કર!



આ. વ. ૧૦, રવિવાર

ભ્રમમાં ભૂલી ભટકાઈશ નહીં

નિર્દંભી ચેતન!

તારા મૂળ સ્વભાવમાં તો જરાયે દંભ નથી પણ કર્મના આવરણથી ખોટા ભ્રમમાં ભટકી રહ્યો છે. જેમ નશાતુર માનવ જ્યાં ત્યાં ખાચોડિયા ભરે છે તેમ તું પણ કર્મના વશથી જ્યાં ત્યાં સુખી થવા ખાંચોડિયા જ ભરે છે.

દુનિયાના દંભ તને ઇન્દ્રિયદમન કરવા દેતા નથી. તું દુનિયાના સુખનો લાલચુ બની ગયો છે. પણ મૃગજળ સમ મોહક દુનિયા તને સુખના પડછાયા દેખાડે છે પણ સુખની શીળી છાયામાં બેસાડી શકતી નથી.

[illegible] તારા પ્રધાનને એક બાજુ મોહસેનાના અને બીજી બાજુ ધર્મસેનાના આગેવાનો ઊભા રહ્યા છે. મોહસેનાનો સેનાપતિ લોભ છે અને ધર્મસેનાનો સેનાપતિ સંતોષ છે. જો તું કાચા મનનો થઈ મોહસેના પ્રત્યે આકર્ષાઈશ તારા મનઃપ્રધાનનું કહ્યું કરીશ તો એ પ્રધાન તને લોભ સેનાપતિ પાસે લઈ જશે. અને એ સેનાપતિ તને પોતાના અગાધ મોહસેના રૂપ સમુદ્રમાં નાખી દેશે. જ્યાંથી છટકબારી મળવી મુશ્કેલ છે. પણ જ્યારે તારો પ્રધાન એ સેનાપતિના કાવાદાવાથી કંટાળ્યો હોય અને જરા ધર્મસેના પ્રત્યે અનુરાગી બનતો હોય ત્યારે તું તેનું કહ્યું માની લઈશ તો તને તારો પ્રધાન સંતોષ સેનાપતિ પાસે લઈ જશે. એ સેનાપતિ તને ધર્મસેના રૂપ નિર્મલ સરોવરમાં સ્નાન કરાવશે. મનોવૃત્તિના અજવાળે તારું જીવન અજવાળી લેજે !



શ્રા. વ. ૯, શનિવાર

જ્યોતિના ઝબકારે !

જ્યોતિર્ધારિ આત્મન્ !

તું સાચે જ્યોતિર્ધારી છે, કેમકે જ્ઞાનની જ્યોત તારા આત્મ પ્રદેશોના ઉંડાણુમાં ધીમી ધીમી ઝળકી રહી છે. એ જ્યોતિનો આછો આછો પ્રકાશ તારા ચેતનને અજવાળી રહ્યો છે. તું એમાં શ્રદ્ધાનું દિવેલ પુર ! જ્ઞાનની જ્યોત સતેજ બનશે. એ ઝાંખી ઝાંખી જ્યોતિના ઝબકારે

કર્મના પડદા સિવાઈ જાય એના માટે પ્રયત્ન કર! આઠ આઠ કર્મના પડદા તારા આત્મિક સૌંદર્યને છુપાવી રહ્યા છે. એ સૌંદર્યને તું પ્રગટ કર! તું તારી જાતને કોઈ વાર પામર ન માનીશ; તું તો અનંત શક્તિનો—અનંત જ્યોતિનો અધિપતિ છો; મહાન સમર્થ આત્મા છો! પણ....

બાહ્ય દુનિયાના સૌંદર્યમાં મુગ્ધ બની તું તને પોતાને જ ભૂલી ગયો છે! ડૂબી ગયો છે! એ સૌંદર્યમાં ખોવાના તું સરજાયો નથી. તારી પામરતાને ખંખેરી નાખ! જ્યોતિના ઝગારે તારા આત્મિક સૌંદર્યને પીછાણી લે! તારા અનુપમ રૂપને પ્રગટ કર!



આ. વ. ૧૪, રવિવાર

ભ્રમમાં ભૂલી ભટકાઈશ નહીં

નિર્દંભી ચેતન!

તારા મૂળ સ્વભાવમાં તો જરાયે દંભ નથી પણ કર્મના આવરણથી ખોટા ભ્રમમાં ભટકી રહ્યો છે. જેમ નશાતુર માનવ જ્યાં ત્યાં બાચોડિયા ભરે છે તેમ તું પણ કર્મના વશથી જ્યાં ત્યાં સુખી થવા બાચોડિયા જ ભરે છે.

દુનિયાના દંભ તને ઇન્દ્રિયદમન કરવા દેતા નથી. તું દુનિયાના સુખનો લાલચુ બની ગયો છે. પણ મૃગજળ સમ મોહક દુનિયા તને સુખના પડછાયા દેખાડે છે પણ સુખની શીળી છાયામાં બેસાડી શકતી નથી.

શ્રા. વ. ૧૩, બુધવાર

આગમના પગલે

સાધક આત્મા !

પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વના આગમના પગલે તું સ્વાગત કરતા સ્નેહના સુંદર સાથીયા પુરજે ! ભાવ તરંગની રંગીલી રંગોળી પુરજે ! કેમકે આજે તારા અંતરના આંગણીએ પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વ પધાર્યા છે.

ભલે પધાર્યા ઓ પર્વોના શીરતાજ ! આજે આગમના પ્રભાતે અંતરના ઉમળકે આપને વધાવું છું ! હૈયાના ઉછરંગે મનોમંદિરના સિંહાસને આપને પધરાવું છું !

ભલે પધાર્યા પર્વશીરોમણી શ્રી ક્ષમાપર્વરાજ !

આજે મારા પાપોની હોળી થશે. મારા દિલની દીવાળી ઉજવાશે !

ઓ સાધક ! એ રીતે પર્વાધિરાજ શ્રી પર્યુષણ પર્વના વધામણા કરજે !

તારા આધ્યાત્મિક જીવનની સોનેરી ઉષા ઝળકશે. અને આજથી આઠમા દિવસે તું હળવો ફૂલ બની જઈશ !



શ્રા. વ. ૧૪, ગુરુવાર

હળુકર્મી બનજે !

ભાવના શીલ આત્મન્!

આજે અઠ્ઠાઈનો બીજો દિવસ. ક્ષમાના પાઠ ભણવાનો બીજો દિવસ. તું જો ખરેખર ભાવનાશીલ છો

તો દુનિયાના ઠાઠ માઠ મૂકી દઈ માત્ર ક્ષમાના જ પાઠ રોજ ભણજે! લાગલાગટ સાત દિવસ સુધી એક ધ્યાનથી અભ્યાસ કરીશ તો અઠ્ઠાઈના આઠમા દિવસે આત્મ-દિવાળીનું સરવૈયું ચોકખું નીકળશે. તેમાં આત્મિક સંપતિનો નફો વધે અને બાહ્ય સંપત્તિનો લોભ ઘટે એવો વ્યાપાર કરજે!

દુન્યવી સંપત્તિ કર્મ બંધાવે છે, જ્યારે આત્મિક સંપત્તિ ક્રુરમાં ક્રુર એવા કર્મબંધનથી છોડાવે છે. તું અખૂટ એવી આત્મ સંપત્તિનો માલિક બની શાશ્વત સુખનો ભોક્તા બને એવી મારી પ્રબળ ઇચ્છા છે. જરૂર બનીશ, પણ કયારે? માથેથી કર્મોના ભાર ઉતારીશ ત્યારે ને? પાપના પોટલા દૂર ફેંકી દે અને હળુકર્મી બનવા પ્રયત્ન કર!



આ. વ. ૩૦, શુક્રવાર

જીવન સુધારજે!

ઓ દુનિયાના મુસાફર!

તેં ખૂબ મુસાફરી કરી. હજી તને થાક નથી લાગ્યો?

ઓ....હો....હો....હો....તું કેટલું ચાલ્યો તેનું તને ભાન છે? વિચાર તો કર, ચાલતા ચાલતા કેટલો કાળ ગયો? દોડતા દોડતા પંથ કપાય તો જુઓ ઘાંચી ઘર ઉંટ! નારકીના ભવોમાં સાગરોપમ જેવડા આયુષ્ય પસાર કર્યા! તિર્યંચોના ભવોમાં અકથ્ય

તેટલા અને પ્રયોજન [illegible]
તેવા [illegible]
સંપત્તિ [illegible]
પૂર્ણ કરી શકે નહીં. [illegible]
[illegible] મનુષ્ય જીવનમાં આવ્યો. પાર ઉતરવા માટે આ અનુપમ તક છે. તેમાં વળી પર્યુષણ પર્વ આવ્યા છે. આત્માને થાક ઉતારવા માટે વિશ્રામ સ્થાન મેળવીને! પર્વના ત્રીજા દિવસે વિચારીને તક ઝડપી લે. સમય તો પાણીના વહેણની માફક ચાલ્યો જાય છે. જીવન સુધારી લે!



ભા. સુ. ૧, શનિવાર

જરા વિચાર-કર!

વિચારક આત્મા!

તને વિચાર કરવાની શક્તિ મળી છે તો જરા વિચાર તો કર કે હું મનુષ્ય કેમ થયો? મનુષ્ય તો થયો પણ આંધળો, બહેરો, કાણો, કુબડો, પાંગળો, લુલો અને બુદ્ધિ વગરનો મૂર્ખ કેમ ન થયો? પાંચે ઇન્દ્રિયોથી સંપૂર્ણ અને સ્વરૂપવાન શરીરધારી સુડોળ મનુષ્ય થયો એનું શું કારણ? એનું એજ કારણ કે પૂર્વભવમાં આડા હાથે પણ તેં ખૂબ પુણ્ય કર્યાં છે. હવે સમજપૂર્વક જરા વિચાર કર કે મારે શું કરવા જેવું છે? વિચાર કરીશ

શ્રી સિદ્ધ ભગવાનના શરણે જા !
શ્રી નિર્ગ્રન્થ ગુરૂવરના ચરણે જા !
અહિંસામય ધર્મના શરણે જા !

આથી તારૂં પુરૂષાતનનું પુનરૂત્થાન થશે. અને કર્મ જંજિર ભાંગીને મુક્ત થઈ જશે. તું સ્વતંત્ર બની શકીશ. આજે મહાવીર જન્મ વાંચનના દિવસે માત્ર મોઢું મીઠું કરી આનંદ ન માનીશ. પણ પ્રભુના જીવનમાંથી એકાદ સદ્ગુણ સ્વિકારી જીવનને મીઠું બનાવજે !



ભા. સુ. ૩, સોમવાર

તપની તિવ્ર તલવારે

સમયજ્ઞ આત્મા !

જો તું સાચો સમયનો જાણકાર હોય તો આજે પર્વરાજની પૂનિત નિશ્રામાં અઠ્ઠમતપના પચ્ચકખાણ કરજે ! કેમકે અત્યારે વાર્ષિક પર્વની આરાધના ચાલી રહી છે. આખા વર્ષમાં તારા હાથે જે કિલષ્ટ કર્મો બંધાયા હોય તેને તોડવા માટે તપસ્યા એ તિવ્ર તલવાર જેવી છે. વાર્ષિક આલોચનામાં જ્ઞાની ભગવંતોએ અઠ્ઠમ તપ બતાવેલ છે. મહામંગલકારી અને કષ્ટને કાપનાર છે. આત્મમંગલ સાધવું હોય તેને અઠ્ઠમ તપ અવશ્ય કરવું જોઇએ. ભવજંગલમાં ભટકતા એવા આત્માઓને અઠ્ઠમતપ પરમ મંગલ રૂપ છે.

[illegible]

તારા દિલના દુશ્મનો કોઈ નથી એ ઠીક. પણ તું તારા આત્માના માનવ દુશ્મનોને મિત્ર બનાવીશ તો [illegible] કંઈ છે કે શત્રુના વેર ન જાણવું પણ પ્રીતિ કરવી છે કે શત્રુને પણ મિત્ર બનાવી જીવી જાણવું. પ્રભુનો આદેશ અને સંવત્સરીનો ઉદ્દેશ પણ એ જ છે. આથી તારા જીવનમાં પંચરંગી પુષ્પ જેવો પમરાટ ફેલાશે. તારા આધ્યાત્મિક આનંદનો દિવસ સદા તારા દિલમાં અમર રહો!

★

ભા. સુ. ૬, ગુરૂવાર

ભાદરવાનો રૂડો પ્રતાપ

ભાવુક આત્મા !

તું ભાદરવા મહિનાનો રૂડો પ્રતાપ માન કે તારા સુખને માટે સંદેશો લાવનાર સુંદર દિવસ લાવ્યો, કે જેના પ્રતાપે તું આજે હળવો ફૂલ બન્યો. આજે તો પર્યુષણ પર્વના પારણા ! તું સદા રાખજે ઉઘાડા તારા દિલના બારણા ! તેં આઠ દિવસ સુધી આધ્યાત્મિક દિવાળી ઉજવી ઘણા સારા કર્તવ્યો કર્યા. અમારી પડહ, સાધર્મિક ભક્તિ, અઠ્ઠમ તપ, પરસ્પર ખામણા, અને ચૈત્ય પરિપાટી. આવા મહાન કર્તવ્યો કરી તેં તારા આત્માને મહાન્ બનાવ્યો. હવે આ મહત્તા તારા જીવન કાળ દરમ્યાન ટકાવી રાખજે. આખરે તારો દિવ્યતામાં વાસ થશે. આજે પારણા કરીને તું ધર્મના બારણાં ભૂલી ના જઈશ ! નહીંતર તારી જીવન સુધારણામાં ઘણી ખામી આવી જશે. કાંઠે આવેલું વહાણ ડૂબી ન જાય તેની તકેદારી રાખજે ! તું મહાવીરનો ભગત બની જગતને હાંસી પાત્ર બનીશ એ કેમ પાલવશે ?

મળેલી મહત્તાને ટકાવી રાખજે !



ભા. સુ. ૭, શુક્રવાર

હૃદય ભૂમિમાં ખેતી કરજે !

શ્રદ્ધાળુ આત્મન્ !

હવે તારી હૃદય ભૂમિ શુદ્ધ બની ગઈ છે તેથી એ ભૂમિમાં આધ્યાત્મિક ખેતી કરજે ! એ શુદ્ધ ભૂમિમાં શ્રદ્ધાના બી રોપજે ! ભક્તિરૂપ વરસાદ વરસાવજે. મનઃરૂપી ધુંસરીના બંધનથી વિનયરૂપી લાકડાને બાંધી અપ્રમત્ત દશાનું હળ હાંકજે ! તેમાં શક્તિરૂપી બળદો જોડજે, ભક્તિના વરસાદ વરસાવી ભૂમિને આર્દ્ર બનાવજે ! તારી આધ્યાત્મિક ખેતી અતિ સુંદર થશે. અને તું મોક્ષ સુખના અમર ફળને પ્રાપ્ત કરી શકીશ. એ મીઠા ફળોને આરોગી તું અમર બનજે. કર્મરૂપી કાળાશ ધોવાઈ જતાં તું નિરંજન બની જઈશ. અને નિરાકારી એવી સિદ્ધ દશાને પ્રાપ્ત કરી શકીશ. પછી તને કોઈ જાતની ઈચ્છા નહીં રહે. તું પૂર્ણ બનીશ. ઈચ્છા અને મન એ બન્ને જોડિયા ભાઈ-બહેન છે. બન્ને વચ્ચે સ્નેહ છે. જ્યાં મન ત્યાં ઇચ્છા અને ઇચ્છા ત્યાં મન. એ બન્નેનું સહજીવન છે. ઇચ્છા મરી જશે તો અસ્વસ્થ મન સ્વસ્થ બની ઠેકાણે આવી જશે.

★

જીવનનો સથવારો

[illegible] આત્મા !

તને અતિ ઉત્તમ જીવન મળ્યું છે. તારે એ જીવનનો સથવારો પણ ઉત્તમ રાખવો જોઈએ. સંસારી સંબંધના સથવારા તો અનેકવાર કર્યા પણ એમાંથી કંઈ તારું કલ્યાણ થયું નહીં. હવે એવો સથવારો કર કે જેથી ભવભ્રમણ ટળી જાય. આધિ, વ્યાધિ, ને ઉપાધિ [illegible] સંસાર, [illegible] જ્ઞાની પુરુષોએ બળતા ઉપાધિથી [illegible] સંસારને [illegible] તું ખૂબ દાઝ્યો, અશાંતિ [illegible] છે. એ અગ્નિથી તું [illegible] શાંતિ ક્યાંય પણ શાંતિ મળી નહીં. હવે એવો સથવારો શોધ કે જેના સથવારે સંસારમાં પણ શાંતિથી રહી શકે, અને પરંપરાએ સિદ્ધિ સુખના શીતળ પાણી તું પી શકે. [illegible] સથવારા [illegible] તારા જીવન પર રમતું [illegible] નિર્દોષ [illegible] કર ! એવા સથવારો આ છે: [illegible] એવા સથવારાને પસંદ કર ! [illegible] અને અહિંસા, શ્રી અરિહંત દેવ, પંચ મહાવ્રતધારી ગુરુ, અને અહિંસા, સંયમ, તપોમય ધર્મ: આ સથવારો તારો કલ્યાણ કરશે !

—આ. [illegible]

★

માનવ જીવનની મહત્તા

પ્રિય માનવ !

તું માનવ તરીકે ઉત્પન્ન થયો પણ એ જીવનની મહત્તા તને સમજાણી છે ખરી ? જો તું તેની મહત્તા

૫

જિન માર્ગની કેડીએ

શુભ બંધુ !

તું વીતરાગ દેવે દર્શાવેલી જિન માર્ગની કેડીએ કેડીએ ચાલજે. સદ્ ગુરુદેવ તારા દીવાદાંડી રૂપ બનશે. તું ભૂલો ન પડે એની તકેદારી રાખશે. તું આ સંસાર સમુદ્રના માયારૂપી મોજાંઓથી ક્યાંક ફેંકાઈ ન જાય તે સાવચેતી રાખશે. સંસારના અનિષ્ટો સામે લાલબત્તી

ધરશે. ઈર્ષ્યારૂપી ઉધઈ તારા દિલને ન લાગી જાય એ માટે પ્રયત્નશીલ રહેશે. જેમ ઉધઈ કપડાને અને લાકડાને કોરી ખાય છે તેમ ઈર્ષારૂપી ઉધઈ માનવના સદ્ગુણોને કોરી ખાય છે. એનાથી તને સજાગ રાખશે. આ સ્વાર્થીયા સંસારમાં તારા જો કોઈ હિતસ્વી હોય તો આ સદ્ગુરુ જ છે. દુર્ગતિમાં પડતા એવા તારૂં રક્ષણ કરશે. ગુરુનું વાત્સલ્ય અણમોલી ચીજ છે વ્યવહારનું જ્ઞાન આપે તે ગુરુ, અને આત્માનું જ્ઞાન આપે તે સદ્ગુરુ. આવા સદ્ગુરુની નિશ્રામાં તું પરમાત્માએ બતાવેલી દિવ્ય માર્ગની કેડીએ ચાલ્યો જા, ચાલ્યો જ જા, કલ્યાણ છે!



ભા. સુ. ૧૧, મંગળવાર

બુદ્ધિ બળના પ્રતાપે

બુદ્ધિના ભંડાર આત્મા!

તને બુદ્ધિ મળી છે તો તેનું ફળ મેળવ, જે મહાત્માઓએ તત્ત્વની વિચારણાને બુદ્ધિના ફળ તરીકે બતાવી છે. તત્ત્વનું ચિંતન કર! તત્ત્વની વિચારણા એ બુદ્ધિનું ફળ છે. કયાં પદાર્થો તજવા જેવા છે, કયા પદાર્થો જાણવા જેવા છે, કયા પદાર્થો આદરણીય છે, શેમાં અહિત શમાયેલું છે, અને શેમાં હિત! શાનાથી સુખ મળશે અને શાનાથી દુઃખ? શું સારૂં છે અને શું ખરાબ? શાંત ચિત્તે આ બધી ચિંતવના કરીશ તો તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત થશે. મળેલી બુદ્ધિ સફળ થશે.

દ્રષ્ટિની [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
દૂર કરી શકીશ [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] આત્મા [illegible] [illegible] [illegible] [illegible]
કહેતા કે આ રીતે [illegible] [illegible] અનેક [illegible]
સંસાર તરી ગયા, તું પણ [illegible] કરીશ તો મુક્તિ
[illegible] પ્રતાપે સંસાર તરી શકીશ !



આ. સુ. ૧૨, [illegible]

જ્ઞાન ગંગાના ઓવારે

જિજ્ઞાસુ આત્મા !

જ્ઞાનગંગાનું પાણી બહુ મીઠું છે. અતિ ઠંડુ છે. પરમતૃપ્તિ આપનાર છે. બસ પીઓ, અને પીવરાવો ! જ્ઞાનીઓના વચનોમાં જ્ઞાનગંગાના નિર્મળ ઝરણાં વહ્યાં કરે છે. એ જ્ઞાનીઓ અતિ ઉદાર છે. અતિ વાત્સલ્યથી ભવ્યાત્માઓને જ્ઞાનગંગાના ઓવારે બોલાવે છે. અને આગ્રહથી જ્ઞાનના પાન કરાવે છે. પીઓ જ પીઓ એનો એક ઘુંટડો અમર ફળનો આનંદ આપે છે. એ પાન ભવ્યાત્માઓ જ ઝીલી શકે છે અને પાચન પણ એજ કરી શકે છે; અભવ્યની કોઈ તાકાત નહીં !

આત્મપ્રિય ભાવિકો !

તમને અમૃતના ઓડકારની ઝંખના છે ? તો જ્ઞાન ગંગાના ઓવારે આવો ! મીઠાં ઠંડા નિર્મળ પાણી પીઓ, અને પવિત્ર બનો ! તત્ત્વોના જાણકાર બનો !

તારક તપસ્યા વગર મુક્તિ નથી. અને મુક્તિ વગર અમૃતનો અધિકાર નથી.

★

ભા. સુ. ૧૪, ગુરુવાર

સુખસાગરની સફરે

આત્મ બંધુ!

તારે સુખસાગરની સફરે જવું છે? સુખસાગરમાં સ્નાન કરવું છે? તો આધિ, વ્યાધિ ને ઉપાધિથી મુક્ત બનવા પ્રયત્ન કરજે!

આધિ શમાવવા મન સાફ કરજે!

વ્યાધિ શમાવવા શરીર સાફ રાખજે! અને

ઉપાધિ શમાવવા વ્યવહાર નિર્મળ રાખજે!

આ ત્રણ ઉત્પાત ટળશે તો જ સુખસાગરની સફરે જવાશે. આ સફર શાંતિ દાયક છે પણ શરત એ કે આ સફરમાં આધિ, વ્યાધિ ને ઉપાધિનો પડછાયો પણ નહીં જોઈએ. ત્યાં તો જોઈએ મનની સ્થિરતા, વચનની નિર્મળતા, અને કાયાની પવિત્રતા! તેમ જ આ સફરમાં વિઘ્ન કરનારા રાગ, દ્વેષ, ઈર્ષ્યા, અદેખાઈ, વગેરે દુશ્મનોને હંફાવવા પ્રેમના મધુર ગુંજન, ગીત, સંગીત... વિશુદ્ધ પ્રેમ અશાંતિનો વિજેતા છે; શાંતિનો નેતા છે, સુખનો પિતા છે. એ ઉગે તો જ સુખસાગરની સફર મોજ માણી શકાશે!

★

[illegible]

કરોડપતિની હાલત તરફ તું એકવાર તો નજર કરજે કે એને કેટલું સુખ છે? કેટલી શાંતિ છે? મનની પારાશીશીથી માપ કાઢીશ તો સાચી વાત જણાઈ આવશે. એના કરતા તને કરોડપતિ થવાનો સુંદર રસ્તો બતાવું? તું દરરોજ "નમો અરિહંતાણં" પદના વ્યવસ્થિત જાપ શરૂ કરી દે. ગણત્રીપૂર્વક એક કરોડનો જાપ કરી તારી કોડાધિપતિ થવાની આશા પૂરી કર! બે કામ સધાશે એક પંથ ને દો કાજ. આશાની પૂર્ણાહુતિ અને મંગળની સાધના!

*

ભા. વ. ૧, શનિવાર

આશાના મિનારે

આશાના આશક!

તેં અનેક જાતની આશાઓ રાખી મોટા મિનારા ચણ્યા પણ એ મિનારા પલમાં કકડભુસ થઈ નીચે

પટકાશે એ તને ખબર છે? અને તું ભોંય પટકાઈશ એ જુદો? ધનની આશા, કુટુંબપરિવારની આશા, તંદુરસ્તીની આશા, આમ અનેક જાતની આશા કરી તેનો આશક બન્યો. પણ આ સંસારમાં કોની આશાઓ પૂરી થઈ છે? કોને ઇચ્છા પ્રમાણે ઇષ્ટની પ્રાપ્તિ થઈ છે? દુન્યવી નાશવંત સુખની આશા પણ નાશવંત છે. મૃગ જળની મહોબ્બત જેવી છે. માટે તું આશાનો દાસ બનીશ નહીં, પણ અરિહંતનો દાસ બનજે!

આશાના મિનારે ચડેલા અનેક આત્માઓ સંસારમાં અટવાઈ ગયા. "ડુંગર દૂરથી રળિયામણા" એના જેવા આશાના રંગ બેરંગી મિનારા છે. આશાના મિનારા ચણવામાં પહેલી નજરે આનંદ દેખાશે. પણ પરિણામે આક્રંદ છે. માટે આશાના તમાશા રચવા છોડી દે!



ભા. વ. ૨, રવિવાર

બંધનની પરવશતા

સ્નેહી આત્મા!

સંસારમાં સ્નેહની સાંકળે તું બંધાયો છે. અને એમાં તને આનંદ આવે છે. પણ એ આનંદ કેટલા સમયનો?

આ સ્નેહ બંધનની પરવશતાથી ઘાંચીના બેલની માફત તેં ખૂબ ચક્કર ખાધા પણ વળ્યું શું? આખર તો બધું મુકીને જ જવાનો ને? કુટુંબના સ્નેહબંધને

ભા. વ. ૫, ગુરુવાર

અંતરનો વલોપાત

નિર્મળ આત્મન્ !

તને એટલો પણ વિચાર નથી આવતો કે મારા હાથે જ એકઠા કરેલા પદાર્થો મારા નથી થતા એનું શું કારણ ? નાશવંત પદાર્થો પોતાના સ્વભાવ પ્રમાણે જ્યારે નષ્ટ થઈ જાય છે ત્યારે તું હાય, હાય કરી નાખે છે. પણ અમૂલ્ય એવું માનવજીવન ધર્મ અને ધર્મક્રિયા વગરનું ચાલ્યું જાય છે એનો જરાપણ તને વલોપાત થતો નથી ! આશ્ચર્યની વાત છે ! સંસારીપદાર્થોની પાછળ તું કેટલો મૂઢ બની ગયો છે કે ધર્મના મર્મને સમજવાની બુદ્ધ કે શાન ખોઈ બેઠો છે. આ તને જરાયે શોભાસ્પદ નથી.

અંતરચક્ષુ ખોલ ! અનુભવ નયનથી જો ! તને પોતાને જ સમજાશે કે હું જે કરી રહ્યો છું તે ખોટું છે. આટલું સમજાશે તો અંતરમાં સાચો વલોપાત જાગશે. હાય, હાયને સ્થાને હોય, હોય શબ્દભાવ આવી જશે. અને તું ધર્મના મર્મને સમજી સંસારના પદાર્થોની અનિત્યતા સમજી શકીશ !

★

ભા. વ. ૬, શુક્રવાર

હૃદયની પ્રફુલ્લતા

મનના માલિક !

તારા જીવનકાળ દરમ્યાન સંસારમાં તેં કોઈ વાર હૃદયની પ્રફુલ્લતા અનુભવી છે ખરી ? શાંતિનો અનુભવ

નિર્મળ થયેલો આત્મા પોતાનું કલ્યાણ સાધી જાય છે પોતપોતાનું સાચું સ્વરૂપ જોઈ શકે છે અને બીજા માટે પણ એ આત્મા દર્શનીય બની જાય છે. નમનીય બને છે અને વંદનીય પણ! માટે જ નયનની નિર્મળતા રાખવાનું સૂચવ્યું છે.



આ. વ. ૧૦, મંગળવાર

કાનમાં કચરો ભરીશ નહીં!

સ્ફટિક સ્વભાવી આત્મા!

તું પોતે સ્ફટિક છે, તારું સ્વરૂપ નિર્મળ છે; પણ તારું અંતઃકરણ કચરાથી ભરેલું કેમ લાગે છે? કાન વાટે નિંદા-વિકથા સાંભળવાથી કચરો ભરાય છે. આંખ વાટે અદર્શનીય અને નિંદનીય દૃશ્યો જોવાથી કચરો ભરાય છે. નાક વાટે સંસારની દુર્ગંધને સુગંધ માની એમાં લલચાવાથી કચરો ભરાય છે. જીભ વાટે જેમ તેમ બોલવાથી વૈર-વિરોધી ઝગડા કરવાથી ગંદામાં ગંદો કચરો ભરાય છે. અને શરીરથી ન કરવાનાં કાર્યો કરી તું તારા અંતઃકરણને મેલું કરે છે. આ બધા કચરાના પડના પડ તારા પર વળી ગયાં છે. પારકી પંચાતો સાંભળવામાં તને આનંદ આવે છે પણ ગુણીજનોના ગુણાનુવાદ અને ગુરુજનોની ધર્મવાણી સાંભળવા માટે તારા કાન બહેરા બની જાય છે. કલ્યાણકારી વાતો સાંભળતાં તારા કાન બુઠ્ઠા બની જાય છે. તું સ્ફટિક

[illegible]
[illegible] જાણો

આ કર્મો તને સ્વાનોની જેવી નરક અને નિગોદ ગતિમાં ન નાંખે તો પછી તેની [illegible] અને [illegible] બગાડવાનું કામ બંધ કરી દે !



બા. બ્ર. ૧૧. ગુરુવાર

શરીરની સાર્થકતા

શરીરધારી આત્મા !

તને સુંદર મજાનું શરીર મળ્યું છે, સ્વરૂપવાન અને સુડોળ શરીર મળ્યું છે તો તેની સાર્થકતા શી ? આ શરીર તારો પરમ નિષ્ઠાવાન સાથી છે. તારો પડ્યો બોલ ઝીલનાર છે. એટલું જ નહીં પણ તારા સુખને માટે એ પોતાની જાતનું બલિદાન આપતાં પણ અચકાય એમ નથી. તું એની પાસે જેવા કામ કરાવીશ તેવા કરી આપશે. તારી બધી ઈચ્છાઓમાં સાથ આપશે. પણ તું એ ખ્યાલ રાખજે કે સોનાના થાળમાં કોલસા ભરાય નહીં. જો એમાં કોલસા જેવા કાળા કરમના ઢગલા કરીશ તો તારી નરી મુર્ખાઈનું અને હલકાઈનું પ્રદર્શન થશે. અને તું દુઃખી દુઃખી થઈ જઈશ એ નક્કામાં. જિનેશ્વર ભગવંતે આ મનુષ્યદેહને સોનાના થાળની ઉપમા આપી છે. એની સાર્થકતા ત્યારે જ થાય કે જ્યારે તું માનવદેહરૂપ સોનાના થાળમાં માનવતાની સ્થાપના કરે. વીતરાગ પરમાત્માની

પ્રતિષ્ઠા કરે. અને રાગદ્વેષની ઉત્થાપના કરી ભવની કાપણી કરે તો જ આ શરીરની સાર્થકતા છે.



ભા. વ. ૧૨, ગુરુવાર

મનને મનાવજે !

અનંત શક્તિધારી આત્મા !

તું ભલે અત્યારે મનસ્વિપણે ચાલે છે પણ એ તારૂં મનસ્વિપણું પોકળ છે. એમાં કંઈ માલ નથી. કહેવત છે કે **"મન હોય તો માળવે જવાય"** માટે તારૂં મન સુમાર્ગે વાળ જેથી તારી અનંત શક્તિ પ્રગટ થાય. અનંત શક્તિનો તું ધણી હોવા છતાં મનના કહેવા પ્રમાણે કુમાર્ગે ચાલી નમાલો બની ગયો છે. તેં મનસ્વિપણું સ્વીકાર્યું હોવાથી ધર્મના કોઈ પણ માર્ગ ભલે સરલ હોય તો પણ તને પસંદ પડતો નથી. જ્યારે સંસારના માર્ગો કાંટા, કાંકરાં અને ઝાંટા વાળા હોવા છતાં તને બહુ પસંદ છે. પરિણામે તું દુઃખના ડુંગરા નીચે દટાઈ જાય છે. હવે સમજણના ઘરમાં આવ ! અને મનને મનાવ કે સંસારમાં સુખ નથી પણ સુખાભાસ છે. કુમાર્ગે જવાથી દુઃખ સાંપડે છે. ધર્મમાર્ગે જવાથી સુખ સાંપડે છે, સુખનો ખજાનો અંતરના ખુણામાં છુપાયો છે જે સમભાવી બને તે જ શોધી શકે છે. ઉંડાણમાં ઉતર અને ખોજ કર ! મનને મનાવી અનંતશક્તિનો ઉપયોગ કર !



[illegible]

... [illegible] ... ઉપકાર કર્યો પણ ... [illegible] ... નહીં જ પડે સંસારમાં પણ ગુણ જેવું કોણ છે? "નમે તે સૌને ગમે" એ ઉક્તિને અપનાવવી પડશે. તે માટે તો સ્વાર્થના અને માનના ગુણો ... [illegible] ... નમ્ર બનવું પડશે. પછી તો એના પરિણામ. તું પોતે જ નમનીય બની જઈશ !

☆

આ. વ. ૧૪, શનિવાર

મનની મનમાં ન રહી જાય

માનનીય માનવ !

તું માનવતાના સંસ્કાર લઈને માનવ તરીકે જનમ્યો, મોટો થયો, સમજણો થયો, જ્ઞાન પ્રાપ્ત કર્યું, પરણ્યો

અને સંસારી જીવનમાં ઝુકાવી દીધું. સંસારી બન્યો સાથે વેપારી પણ. પરંતુ કુટુંબકબીલાના મોહમાં ફસાઈ ગયો. મારૂં મારૂં કરી મુંઝાઈ ગયો અને માનવતાને નેવે મૂકી દીધી. તારા સંસ્કાર સુષુપ્ત દશામાં પલટાઈ ગયા. આથી તને એટલું પણ થતું નથી કે પૂર્વભવની કમાણી આ ભવમાં ખર્ચી નાખીશ. અને નવી આત્મિકકમાણી ઉપાર્જન નહીં કરૂં તો આવતા ભવ માટે શું ?

કોઈ વાર મસાણીયા વૈરાગ્યથી મનમાં ભાવ જાગે છે કે કંઈક કરવું, પણ કંઈ કરી શકતો નથી ખરૂં ને?

ઓ માનવ ! હવે આ તારી મોહાધીનતા ખંખેરી નાખ! અને માનવતાને પુનઃ ઝળકાવ ! નહીંતર તારી મનની મનમાં રહી જશે અને તું કંઇ પણ આત્મિકકમાણી કર્યા વગર ખાલી હાથે પરભવ પંથે ચાલ્યો જઈશ તો હેરાન પરેશાન થવું પડશે !



ભા. વ. અમાસ, રવિવાર

અંધારી રાતે

દિવ્ય નયનધારી આત્મા !

તું તારા દિવ્ય નયન ખોલ ! અને જો પૂર્ણિમાની રાત જેવું સ્વચ્છ નિર્મળ એવું માનવ જીવન તને મળ્યું છે. પણ એ જીવન અમાસની અંધારી રાત જેવું આંધળુ ન બની જાય અંધારી રાતે વિચાર કર કે મારૂં જીવન અંધારી રાત જેવું આંધળુ તો નથી ને? તું અજ્ઞાનના

અંધારે અટવાતો રહીશ તો તારૂં જીવન ખરેખર અમાસની અંધારી રાત જેવું અંધકારમય જ છે. આવું ઉત્તમ અને ઉજવલ જેવું જૈન શાસન પામીને તારા જીવનની ઉજ્જ્વલતા પ્રગટ નહીં કરે તો પછી ક્યાં કરીશ ? આત્માને અજ્ઞાનતાં ઓઝલમાં ક્યાં સુધી રાખીશ ? જ્ઞાન પ્રાપ્ત કર. અજ્ઞાનનું અંધારૂં ક્યાંય અદ્રશ્ય થઈ જશે ! અમાસની રાત વીતી જશે ને પૂર્ણિમાની ચાંદની ચમકશે !

અંધારામાં જેમ આંખે દેખાતું નથી તેમ અજ્ઞાનનું અંધારૂં આત્માના દિવ્ય નયનને ઢાંકી દે છે, આચ્છાદિત કરી નાખે છે. વિચાર કર કે અંધારી રાતો કેટલી ત્રાસદાયક છે ? તેટલું જ અજ્ઞાન આત્માને ત્રાસદાયક છે.



આ. સુ. ૧, સોમવાર

સમયનું બંધન

સૌમ્ય આત્મન્ !

તું એમ માને છે કે જેવો સમય હોય તેવું વર્તન કરવું એ સમજુ આત્માનું કર્તવ્ય છે. પણ આ તારી માન્યતા બરાબર નથી કેમકે સમય તો પાણીના વહેણની માફક ચાલ્યો જાય છે. એ કોઈથી બંધાતો નથી. તો શું તું પણ ચાલ્યા જતા સમયની માફક તારી કાર્યવાહી ફેરવ્યા કરીશ ? તું તારી જાતને સમયના બંધને બંધાયેલી માને છે પણ સમયનું કોઈ બંધન જ નથી. સમય તો

ક્ષણે ક્ષણે પલટાતો જાય છે તો એ બંધાય શી રીતે? અને તું બાંધે શી રીતે ભલા?

જ્ઞાની પુરૂષો કહી ગયા છે કે ગયેલી ક્ષણ કદી પણ ફરીને હાથમાં પાછી આવતી નથી. કોઈ સોનેરી સમયની સુંદર અણમોલ તક ઝડપી લે અને એ તકની સાથે તારૂં જીવન બાંધી દે એટલે સદા માટે તને એવી સુંદર પળો મળતી રહે ને તારા હાથે સુંદર કાર્યો થતા રહે! તું કૃતકૃત્ય બનતો રહે! અવિરતગતિએ સમય ચાલ્યો જાય છે. સુભગ પળની શોધ કર! મનુષ્યભવની કલ્યાણી પળો વહી જાય છે.



આ. સુ. ૨, મંગળવાર

વાઘ જેવો કદાપિ ન બનીશ!

શક્તિશાળી આત્મન્!

તને શક્તિ મળી છે તો સન્માર્ગે વાપરજે. તને શક્તિ મળી હોય તો સિંહ જેવો સાત્વિક બનજે! પણ વાઘ જેવો ક્રૂર કદાપિ ન બનીશ. સિંહ જ્યારે ભૂખ લાગે ત્યારે જ શિકારની શોધ કરે પણ વાઘ? વાઘ તો ભૂખ હોય કે ન હોય તો પણ જે મળે તેના પર તરાપ મારતો જ રહે છે. એના જેવો ક્રૂર અને અસંતોષી બીજો કોઈ પ્રાણી નથી. હા, માણસ જ્યારે માણસ મટી હેવાન બને છે ત્યારે તેને વાઘની જ ઉપમા આપવામાં આવે છે. એની ભયંકરતા અને વાઘની ભયંકરતા સરખી ગણવામાં આવે છે. આવી

વૃત્તિનો માણસ ઘણા ક્રૂર કર્મો બાંધે છે અને એના કડવા ફળ જ્યારે ભોગવવાનો અવસર આવે છે ત્યારે માથા પછાડે છે; અને હાય વોય કરી મૂકે છે.

જો તારામાં આવી વૃત્તિ આવી ગઈ હોય તો ફેંકી નાખજે. નહીંતર ભવાંતરમાં વાઘનો જ અવતાર મળતા વાર નહીં લાગે. માટે એવા ક્રૂર મનના પરિણામોને તિલાંજલિ આપી દેજે. સિંહ જેવો સાત્વિક બનજે પણ વાઘ જેવો ક્રૂર કદાપિ ન બનીશ!



આ. સુ. ૩, બુધવાર

ભણતર ભણીને ભૂલ્યો

ભાન ભૂલેલા આત્મન્!

તું ભણતર તો ભણ્યો પણ એવું ભણતર ભણ્યો કે પોતાનું જ ભાન ભૂલી ગયો. આત્માનો શ્રેય માર્ગ સાંભળવા ન મળતાં દેહના પ્રેય માર્ગ ભણી વળી ગયો. મનગમતું ખાવું, પીવુ, એશઆરામ અને ઇન્દ્રિયજન્ય સુખ તને પ્રિય લાગ્યા. એમાં જ જીંદગીની શ્રેષ્ઠતા માની. તારા ભણતરની આમાં જ ઈતિશ્રી માની. ધન કમાવા જતાં ધર્મને ભૂલ્યો. પોતાને–પોતાના સ્વરૂપને જ ભૂલ્યો! શ્રેયનો માર્ગ મળવો દુર્લભ થઈ પડ્યો.

પ્રેયમાર્ગ દૈહિક ઇષ્ટતા સાધનાર છે.

શ્રેયમાર્ગ આત્માની ઇષ્ટતા સાધનાર છે.

પ્રેયમાર્ગ ઐહિક સુખની તૃષ્ણા છે. જે કદી પૂરાતી જ નથી. શ્રેયમાર્ગમાં આત્મિક સુખની એષણા છે જે

એકવાર પ્રાપ્ત થયા પછી પરમ તૃપ્તિ આપે છે. તારા ભણતરમાં પ્રેયમાર્ગની જ ઇષ્ટતા મૂખ્ય બતાવવામાં આવી. એ સાધવા જતા તું બેહાલ બન્યો. તારૂં ભાન ઠેકાણે લાવ અને શ્રેયમાર્ગ ભણી મીંટ માંડ !



આ. સુ. ૫, ગુરુવાર

કુસંગના કડવા ફળ

સંગે રંગિતાત્મા !

તને જેવી સોબત મળે છે એવો જ તું બની જાય છે. પણ એમાં તો તને ખોવાનું અને રોવાનું જ છે. ભોગજોગે જો કોઈ નઠારી સોબતના રવાડે ચડી ગયો તો તારૂં સત્યાનાશ વળી ગયું સમજજે.

"સોબત એવી અસર" એ કહેવત પ્રખ્યાત છે, અને સાચી પણ છે. કુસંગ તને પાપની ઊંડી ખાઈમાં ધકેલી દેશે. પરિણામે, કુસંગના કડવા ફળ તને ભયંકર રીતે ભોગવવા પડશે. અને દુનિયા તને હલકટની કોટીમાં મૂકી દેશે. કુસંગને લીધે દુનિયા તારા પર ફીટકાર વર્તાવશે. તારી કિંમત ફુટી બદામની પણ નહીં અંકાય.

માટે એ માર્ગે જતો રહ્યો હોય તો વળી જા ! કુસંગનો કેફ તને અધોગતિના મહેમાન બનાવે તે પહેલાં જ સન્માર્ગે વળી જા ! મહાકિંમતિ આ મનુષ્ય જીવનને બરબાદ ન કરીશ પણ આબાદ બનાવજે ! જો તારે સોબતીની

જો જરૂર હોય તો કોઈ ધર્મી આત્માને તારો મિત્ર બનાવજે! મીઠાં ફળ ચાખવા મળશે.



આ. ગુ. ૬, ગુરુવાર

સત્સંગના મૂલ...

સત્સંગના રાગી આત્મા!

હવે તને જરૂર સત્સંગનો મહિમા સમજાયો હશે. જીવનમાં એની કેટલી જરૂરિઆત છે એનું મૂલ સમજાયુ હશે? એ મૂલ્ય અમૂલ્ય છે. એનું સુખ અનંત છે. તેનાથી મળતી શાંતિ સંસારના ત્રિવિધ તાપને શમાવનારી છે અને અખંડ છે. એ સત્સંગનો રાગી થવા પ્રયત્ન કરજે! સત્સંગનો રાગ તને વૈરાગ્યના પંથે લઇ જશે. વીતરાગ બનવા માટે પ્રેરણાના સિંચન કરશે. છેવટે શાશ્વત સુખના અમીપાન કરાવશે. ખરેખર તને કહું છું કે તને ઉન્નતિના શિખરે ચડાવશે. વધુ શું?

સત્સંગ એટલે સંતપુરૂષોનો સંગ. એમની વાણીનો સંગ. એ સંગનો રંગ તારા કર્મના કુરંગને સુરંગ બનાવશે. તારૂં જીવન અણમોલું બની જશે. તારા સંસારમાં સત્સંગની રંગોળી અવનવા રંગ પુરશે તું કર્મરાજા સામે જંગ માંડવા સમર્થ બની શકીશ. તું મુક્તિના અભંગ દ્વારે જઈ ચડીશ. સત્સંગના મૂલ સમજજે અને અપનાવજે!



[illegible]

ભાવના તારક છે

નિરંજન આત્મન્!

આજે પ્રાતઃ શાશ્વતી ઓળીની આરાધનાનો બીજો દિવસ ઊગ્યો. શ્રી સિદ્ધચક્રના બીજા પદે શ્રી સિદ્ધ ભગવાન બિરાજમાન છે. આજના દિવસે તું સિદ્ધ થવાની ભાવના ભાવિશ તો પણ તરી જઈશ. કેમકે ભાવના તારક છે. જ્ઞાની ઓએ ફરમાવ્યું છે કે, "યાદશી ભાવના, તાદશી સિદ્ધિ."

આજની આરાધના નિરંજન બનવા માટે છે. તું પણ તારી નિરંજન દશા પ્રાપ્ત કરવા ૐ "નમો સિદ્ધાણં" એ પવિત્ર મંત્રના જાપ કરજે. કેમકે સિદ્ધ ભગવાનનો વર્ણ લાલ છે. ક્રમે ક્રમે તારી નિરંજનતા આકાર પામશે છતાં તું નિરાકારીનું બિરુદ પામવા શક્તિમાન થઈશ.

ખરેખર તું ધન્ય છો, કૃતપુણ્ય છો કે તને આવી ઉત્તમ આરાધના કરવા માટે સુઅવસર સાંપડ્યો છે. આવા અવસર તો વિરલ ભાગ્યશાળીને જ સાંપડે. તેમાં વળી ભાવનાનો ઓપ આવી જાય તો સાધ્યની સિદ્ધિ સુખે સધાશે. કેમકે ભાવના તારક છે.



આ. વ. ૯, સોમવાર

જૈન શાસનના રાજા

દેહ મંદિરના રાજા!

તું તારા દેહમંદિરનો રાજા છે. તારી દુનિયાનો રાજા છે. પણ આ રાજ્યને હજી તું આબાદ નથી બનાવી

આત્મો એમાં અને તે તારી પોતાની જ કસૂર દેખાય છે તારા શલ્યાઓ ઘણી બતાવે છે તેને તું કેડી નથી શકતો ઘણા પ્રયત્ન કરવા છે, પણ અપેક્ષા છે, તું સુખની ખોજ કરતાં દૂર જતો રહી શકતો. તારી જ્ઞાનાદિનું પ્રદર્શન થાય છે. તું આદર્શ વિના ભટકે એમ તારી આંખો છે? તારા જીવનમાં આનંદ આવ્યું હોય તો તું પ્રથમ તારા જીવન સુધારાની ખોજ કર!

નવીન તું હવે તારા દેહને દેવા સુખની ભણાવું!

શ્રી જિનેશ્વરના ધોરેન [illegible] ભગવાન બિરાજમાન છે તેમને નમન કરવાના સુખની બનાવ. તારૂં જીવન નૈસર્ગીક સ્વર્ગ બની રહે! તારું ભાગ્ય ઉજ્જ્વળ બનાવ. [illegible] ભાગ્યવાન જે પરમ ધામ પૂર્ણ જીવન પામીને આત્માનું આલિંગન કરશે! જૈન શાસનમાં એવા પ્રભાવ આચાર્યદેવના આશ્રયે તારી જીવન સુધારણા વિચિત્ર છે, ત્યાં તારી ભાવના પણ નિશ્ચિત છે.

☆

સ્વ. પૂ. ૧૨, ભાવસાર

જૈન શાસનના મહાત્મ્ય

વિશ્વવિહારી આત્મા!

તું વિશ્વ તો ભમ્યો જડ્યો પણ તત્ત્વ ન જાણ્યા. હેય, જ્ઞેય અને ઉપાદેય સ્વરૂપને ન સમજ્યો તો સમકિતની સ્પર્શના ક્યાંથી પ્રાપ્ત થાય?

[illegible]

☆

[illegible]

સિદ્ધિ સહાયક ગુરુદેવ

સાધક આત્મન્!

તારે સિદ્ધિપદની સાધના કરવી છે? તારે સાચા સાધક બનવું છે? તો સિદ્ધિસહાયક શ્રી સાધુ ભગવંતના શરણે જા! ઈષ્ટ અને શ્રેયની સિદ્ધિ જલ્દી સધાશે.

પૂ. સાધુ ભગવંતોનું જીવન અતિ ઉચ્ચ કક્ષાનું હોય છે. પંચમહાવ્રતના પાલક અને અષ્ટપ્રવચન માતાના પનોતા પુત્ર શ્રી સાધુ ભગવંતો આત્મ સાધનામાં જ સદા રક્ત હોય છે. દરેક કષ્ટો સમતા અને પ્રસન્નતાપર્વક સહન કરે છે.

ૐ "નમો દંસણસ્સ" એ પદના જાપપૂર્વક અરિહંત પ્રરૂપિત તત્ત્વોની સદ્દહણાપૂર્વક અક્ષતનું આંબિલ કરજે. દેવગુરૂ અને ધર્મની શ્રદ્ધા સહિત આજના દિવસની ઉજવણી કરજે. સમકિતનો વાસ તારા દિલમાં વૃદ્ધિંગત થાય અને તું નિર્મળ બને.

સમકિત વિના સિદ્ધિ નથી.



આ. સુ. ૧૩, શુક્રવાર

જ્ઞાન વિના નહીં જ ભાન

ગુણ વિભૂષિત આત્મા !

જેમ સમકિત વિના સિદ્ધિ નથી તેમ જ્ઞાન વિના આત્મભાન આવવું પણ અશક્ય છે. એ ભાન જાગ્રત કરવા માટે શ્રી સિદ્ધચક્રના આઠમા દિવસે ૐ "નમો નાણસ્સ" ના જાપ સહિત અક્ષતનું આંબિલ અખંડ આનંદ અપાવશે. અને જ્ઞાનાવરણીય કર્મના ક્ષય થતાં આત્મા અને પરમાત્માનું સ્વરૂપ પરખાશે. અધ્યાત્મલક્ષી જ્ઞાન જેની પાસે હોય છે તે જ જગતમાં જ્ઞાની તરીકે પ્રખ્યાત થાય છે. આવા જ્ઞાની પુરૂષો પાસે ભવ્યાત્માઓને જ્ઞાનપ્રાપ્તિ સુલભ બને છે.

જ્યાં સુધી સમ્યગ્જ્ઞાનની સાધના જીવનમાં આવી નથી ત્યાં સુધી આ સંસારની રખડપટ્ટી રહેવાની જ. વ્યવહારિક જ્ઞાન ગમે તેટલું મેળવ્યું હોય પણ એ અજ્ઞાન જ છે. જ્યારે શ્રદ્ધાપૂર્વક માત્ર નવકાર મંત્ર જ આવડતો હોય તો પણ એ જ્ઞાન છે. શ્રદ્ધા વગરનું જ્ઞાન નકામું

છે. માટે તું સમ્યગ્જ્ઞાન પ્રાપ્ત કરી જીવનને અજવાળ અને નિજભાન પ્રગટ કર!



આ. સુ. ૧૪, શનિવાર

ચારિત્ર વિના નહીં મુક્તિ

આચારપ્રેમી. આત્મન્!

આ મનુષ્ય જીવનમાં દર્શન (સમકિત) અને સમ્યગ્જ્ઞાનની જેટલી જરૂર છે તેટલી જ ચારિત્રની પણ જરૂરિયાત છે. જ્ઞાન આવે એટલે ચારિત્ર આવે જ. જ્યાં સુધી જીવનમાં ચારિત્ર એટલે શુદ્ધ આચરણ આવ્યું નથી ત્યાં સુધી જીવનની શોભામાં વધારો થઈ શકતો નથી. અને ચારિત્ર વિના મુક્તિ પણ મળી શકતી નથી. ચારિત્રથી જ માનવજીવનની કિંમત અંકાય છે. વ્યવહાર માટે પણ બતાવ્યું છે કે જેણે ધન ગુમાવ્યું એણે કંઈ જ ગુમાવ્યું નથી, જેણે આરોગ્ય ગુમાવ્યું એણે કંઈક ગુમાવ્યું છે; પણ જેણે ચારિત્ર ગુમાવ્યું એણે બધું જ ગુમાવ્યું. જો તારે આત્મલક્ષ્મીરૂપ સમૃદ્ધિ સંપન્ન બનવું હોય તો ચારિત્ર ધર્મની ઉપાસના કર!

ૐ "નમો ચારિત્તસ્સ" પદનો જાપ કર! ઉજ્વલતા સાધવા ઉજ્વલ અક્ષતોનું આંબિલ કર! અવશ્ય તારૂં જીવન ચારિત્રમય બનશે. શ્રી સિદ્ધચક્ર ભગવાનની આરાધના આઠમા દિવસનો એજ ઉદ્દેશ છે કે ચારિત્ર વિના નહીં મુક્તિ!



તું સહી રહ્યો છે. દરેક સંસારી આત્માઓ સહી રહ્યા છે. આધિ, વ્યાધિ અને ઉપાધિ રૂપ ત્રિવિધ દાવાનળ સળગી રહ્યો છે એ તાપ. તને એ તાપ સંતાપ ઉપજાવે છે ખરો? જો સંતાપ ઉપજાવતો હોય તો તું એ... દૂર કેમ ભાગતો નથી? શું તને એ દાવાનળ સુખ અપાવે છે? કદિ નં બને! ઓ આતમ બંધુ! આ દાવ તને બાળીને ખાખ કરી ન નાખે ત્યાં સુધીમાં તું હૃદયને વીર પ્રભુની વાણીરૂપ પાણીથી જળબંબાકાર બ દે. દાવાનળ શાંત થઈ જશે. શીતલતા પ્રાપ્ત થશે. વાણીરૂપ જળના પ્રભાવ આગળ એનું અસ્તિત્વ • જ રહે.



આ વ. ૧૨, શ

સંસારની મોજ—કર્મ ફોજ એકઠી કરાવે

મોજીલા માનવ!

તેં ખૂબ મોજ કરી. મોજીલા માનવ તરીકે ખૂબ ખાધું, ખૂબ પીધું, ખૂબ હર્યો, ખૂબ ફર્યો; પણ તને પુછું છું કે એ મોજે તને સુખના હોજમાં ... કરાવ્યું ખરૂં? તારૂં મન માને એટલો આનંદ પ્રા... થયો ખરો? મોજીલા માનવ! વિચાર કર! આ મે... તારૂં શું સારૂં કર્યું? પરમાત્મા પોતે જ પ્રકાશી ... છે કે સંસારની મોજ માત્ર કર્મોની ફોજ જ એકઠી ક... છે. જરા સમજ, એ કર્મોની ફોજ જ્યારે તારા પર હ...

કરશે ત્યારે તારી શી દશા ? એ ફોજનો સામનો કરવા જેટલી તારામાં શક્તિ છે ? હા, એક વાત છે કે જો તું ધર્મની ફોજ એકઠી કરે તો કર્મની ફોજને જરૂર હઠાવી શકે એવો બળવાન છે. પુરુષાર્થ ફોરવી ધર્મસેના એકઠી કર ! ધર્મબળ પાસે ગમે તેવા બળવાનને પણ શીર ઝુકાવવું જ પડે છે. કર્મસેના પણ ધર્મસેના પાસે લુલીપાંગળી બની જાય છે. માટે ધર્મરાજાને શરણે જા ! ધર્મસેનાના બળથી કર્મસેનાને હઠાવ !



આ. વ. ૧૪, રવિવાર

સંસાર અમૃતમય છે કે વિષમય ?

અમૃતધન આત્મા !

તને આ સંસાર બહુ ગમી ગયો છે. અને તું એમાં રસપૂર્વક રહેલો છે. એ સંસારનું સ્વરૂપ વિચાર્યું છે ? સંસાર કેવો છે ? અમૃતમય કે વિષમય ? એનો જવાબ તું આપી શકીશ ? નજરે દેખાતું અને અનુભવથી જોવાતું સ્વરૂપ જો !

સંસારમાં એક મોટા સાત માળના મહેલમાં નિરંતર સંગીતમય વાતાવરણ ગુંજી રહ્યું છે. એક બંગલામાં લગ્નના વાજાં વાગી રહ્યાં છે. એક ઘેર હંમેશાં આનંદ પ્રમોદ થઈ રહ્યો છે. એક હવેલીમાં સદા દરેકના હસતા મુખડાં નજરે ચડે છે. જ્યારે એવા જ રંગીલા સંસારમાં એક મોટા મકાનમાં નિરંતર વાગ્યુદ્ધ ચાલી રહ્યું છે. જીભાજોડી

ચાલી રહી છે. એક તરફ કોર્ટલફરા મટતા નથી. એક બાજુ કેટલાય લોકોને રહેવા ઘર નથી, ખાવા અન્ન નથી, પહેરવા વસ્ત્ર નથી, સદા આક્રંદ અને રૂદન, બેસુરા સૂર સંભળાતા હોય છે. શું સમજવું. ભર્તૃહરિ જેવા મહાયોગીઓ પણ કહી ગયા છે કે...

'न जाने संसारः किमनृतमयः किं विषमयः'



આ. વ. અમાસ દિવાળી, સોમવાર

દિવાળી દેશે અજવાળી

આનંદઘન આતમ !

આજ તો દિવાળીનો દિવસ ! આનંદઘન મહાવીર આજે મોક્ષે પધાર્યા. એજ મહાવીરનો તું સોહામણો સપુત ! આજના દિવસે મહાવીરનું ધ્યાન ધરી તું મહાવીર બનવા પ્રયત્ન કર ! હૃદયરૂપી ચોપડામાં આત્મલક્ષ્મીના પૂજન કર ! જિનવાણીરૂપ સરસ્વતિ (શારદા) મૈયાના પૂજન કર ! પછી સંસારનો મોહ દૂર કરવા માટે જ ગૌતમ સ્વામી જેવી લબ્ધિઓ માગજે ! શાલિભદ્ર જેવી ઋદ્ધિ નહીં પણ તેના જેવો ત્યાગ માગજે ! અને એ ત્યાગ માર્ગને દીપાવે એવી અભયકુમાર જેવી બુદ્ધિ માગજે ! જરૂર તું આનંદઘન બની શકીશ. જીવનમાં જેટલી દિવાળીઓ ગઈ તેવી આ ન જાય એ ધ્યાન રાખજે !

દિવાળી દીપકની જ્યોત લઈને આવે છે. એ જ્યોતના ઝબકારમાં તારા જીવનદર્શન કર અને માનવતાનો દીવડો

નૂતન વર્ષનાં વધામણાં

વહાલા આત્મા !

નૂતન વર્ષના મંગલ પ્રભાતે તને શી શી શુભેચ્છાઓ પાઠવું ? મારી તો એવી શુભેચ્છા છે કે તું [illegible] બન ! [illegible] અને [illegible] બન !

નૂતન વર્ષના નવા પ્રભાતે મારી તો એવી શુભેચ્છાઓ છે કે તું સત્યનો પૂજારી બન ! [illegible] સહકારી બન ! ગુણનો ભીખારી બન ! સદ્ગુણનો શિકારી બન ! નયનનો અવિકારી બન ! [illegible] વિચારી બન ! ધર્મશ્રવણનો અધિકારી બન ! આ મારી શુભેચ્છાઓ તારા જીવનને ઉચ્ચ કોટીનું બનાવશે, તને મહામાનવ બનાવશે.

નૂતન વર્ષના વધામણા આવ્યા ગતવર્ષની વિદાય લઈને. વધામણામાં આવેલી શુભેચ્છાઓ કે મહેચ્છાઓનો તું પરિપૂર્ણ પાલક બનજે એવી મારી નૂતન વર્ષની માગણી છે.

આ વધામણા રૂપ પચ્ચીસમા સંવત્સરની ઊગતી ઉષા તને જીવન માંગલ્ય બક્ષે અને ગૌતમ સ્વામીનો જ્ઞાન મહોત્સવ એમાં ધર્મરંગોળી પૂરે !



કા. સુ. ૨, બુધવાર

ભાઈબીજની ભવ્યતા

ભવ્ય આતમ !

આજના દિવસની ભવ્યતા ઓર છે, એનું રહસ્ય અનુપમ છે કેમકે પ્રભુ મહાવીરના મોક્ષ ગમનથી દુઃખી થયેલા પ્રભુના (સંસારી) મોટાભાઈ શ્રી નંદિવર્ધન રાજાને તેમની બહેન સુદર્શનાએ આજના દિવસે તેમનો શોક ઓછો કરાવા જમવાનું નોતરૂં આપ્યું હતું.

નંદિવર્ધન ભાઈએ પણ પ્રેમપૂર્વક બહેનના ઘેર ભોજન કરી ભાઇબીજ (ભાવલબીજ) નો તહેવાર મનાવ્યો. અને ભાઇ–બહેન વચ્ચેની પ્રીતિને પ્રોત્સાહન આપ્યું.

જનમ્યો તે તો જરૂર જવાનો છે એવો બોધ આપી બહેને ભાઇનો શોક ઓછો કરાવ્યો અને શાંત કર્યા. એવી રીતે હે ભવ્ય આતમ ! તારી પણ ફરજ એ છે કે આજના દિવસનું રહસ્ય અંતરમાં ઉતારી, હૃદયમાં કોતરી, વિયોગ દુઃખે દુઃખી થતા માનવ બંધુઓને સાંત્વન આપજે ! જેનો જન્મ તેનું મરણ અવશ્ય છે. સંસારનું અનિત્ય સ્વરૂપ વિચારી મૃત વ્યક્તિની પાછળ શોક છોડી ફરીને જન્મ જ ન આવે એવા મૃત્યુને વરવા માટે પ્રયત્નશીલ બનવું.



જ્ઞાન વગરનું જીવન આંધળું કહેવાય છે. તું જ્ઞાન અને જ્ઞાનીની ઉપાસના કરીશ તો જ્ઞાનપંચમીની આરાધના કરી ગણાશે. એ જ્ઞાન સિતારે આત્માની જ્યોતિ ઝળકશે અને તારો જે મુળ સ્વભાવ જ્ઞાતા અને દ્રષ્ટા તરીકેનો છે તે પ્રગટ થશે! અને તું અપૂર્વ સમાધિનો ભોક્તા બનીશ. સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થશે. એ જ્ઞાનથી સમકિત એટલે સાચી દૃષ્ટિ પ્રાપ્ત બનશે. જ્ઞાન અને સમકિત બન્નેથી નિર્મળ ચારિત્ર એટલે શુદ્ધક્રિયા કરવાની શક્તિ પ્રગટ થશે. જ્ઞાન વગરની ક્રિયા પાંગળી છે. જ્ઞાનપૂર્વકની ક્રિયા આવી જશે તો પછીતારો બેડો પાર!



કા. સુ. ૬, રવિવાર

કરમ ધરમ ના મરમ

વ્યવસાયી આત્મા!

તેં ખૂબ કરમ બાંધ્યા, બસ બાંધે જ રાખ્યા, પાછું વળીને જરાપણ જોયું નહીં. અને ધર્મ શું કહેવાય તે સમજવાની પરવા પણ ન કરી. સંસારી જીવન જીવતા જીવાત્માને કર્મ અને ધર્મ એ બે વસ્તુની સાધના કરવાની હોય છે. પણ કર્મના ફાંસલામાં સપડાયેલા જીવાત્માને ધર્મની રુચિ અતિ અલ્પ હોય છેઃ અને કર્મ તો હસતાં હસતાં રાજી થઈને બંધાય છે. આ અવળી ગંગા છે. ધર્મ જેવી મહાન વસ્તુ આજે ગૌણ બની ગઇ છે.

કર્મ અને ધર્મના મર્મ જો સમજાય તો જ કર્મ બાંધતી વખતે વિચાર આવે કે આ કર્મના મને ફળ શું મળશે? એવી જ રીતે કોઈ ધન્ય પળે ધર્મના મર્મ જાણવાની જિજ્ઞાસા જાગી જાય તો ખરેખર કર્મબંધનથી આત્મા બંધાતા વિચાર કરે. કર્મબંધન આપોઆપ અલ્પ બની જાય. અને ધર્મના માર્ગે પુણ્ય બંધન કરતો વ્યવસાયી આત્મા કોઈવાર શુદ્ધ પરિણામી બની સાચો તત્ત્વજ્ઞ બની જાય.



કા. શુ. ૮, સોમવાર

મનનો મોટો મોજમાં

કલ્યાણકામી આત્મા!

તું તારું કલ્યાણ ઇચ્છે છે ખરૂ? પણ કલ્યાણ શી રીતે થાય એની ચાવી જાણે છે? કલ્યાણ સાધવું હોય તો પહેલાં તો મનના મોટા થવું પડે. છીછરા મનવાળો પહેલાં પોતાનું બગાડે છે, પછી બીજાનું. પોતાનું બગાડનાર એ કદિ બીજાનું કલ્યાણ કરી શકતો નથી, અને બીજાનું બગાડનાર પણ કદિ પોતાનું કલ્યાણ સાધી શકતો નથી. કુટુંબ–પરિવારની વચ્ચે રહેનાર આત્માને અવશ્ય મોટા મનના થવું જ પડે. એજ કલ્યાણની કુંચી છે. જે મનનો મોટો હોય એ હંમેશા મોજમાં રહેતો હોય છે, કોઈના બોલ સહન કરી લેવા, કોઈની ગમે તેવી વાત સાંભળી લેવી અને મનમાં સમાવી લેવી એજ મોટાઈ છે. કોઈનું ખરાબ આચરણ નજરે ચડ્યું હોય તો પણ જે મનનો

[illegible]
[illegible], તેમ
આ મનુષ્યજીવનનું ભૂષણ સમભાવ છે. સર્વજીવો પ્રત્યે એ સમભાવ આવી જાય તો બીજા [illegible] લાવવાની જરૂર રહેતી નથી. અને જો એ સમભાવ આવે તો એની સાથે બીજા ગુણો ત્યાં આવવાના જ. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે શ્વેતાંબર હોય કે દીગંબર, બુદ્ધ હોય કે પીતાંબર હોય પણ જેનું ચિત્ત સમભાવથી ભાવિત છે તે આત્મા અવશ્ય મુક્તિગામી છે. માટે દરેક મનુષ્યને એ ગુણ ધારણ કરી જીવનને શોભાવવું જોઈએ. તું પણ જીવનના ભૂષણરૂપ સમભાવને ધારણ કર!

★

કા. સુ. ૧૨, શુક્રવાર

સમભાવ એટલે સાચી દૃષ્ટિ

સત્ય ગવેષક!

તું એવા સ્થાને આવ્યો છે કે એ સ્થાન જ તને

તારી કર્તવ્યતાનું ભાન કરાવે છે. માનવ જેવો માનવ થઈને જો સમભાવ ન કેળવે તો તારી માનવતા કઈ રીતે પાંગરશે? સમભાવ એટલે સાચી દષ્ટિ. સાચી દષ્ટિ એટલે દરેક પદાર્થોનું સત્ય સ્વરુપ. આત્માનું સત્ય સ્વરુપ, જ્ઞાનનું સત્ય સ્વરુપ. તું સત્યની ગવેષણા કરીશ તો દરેકના સાચા સ્વરુપને જાણી શકીશ. સર્વપ્રાણીઓને પોતાના સમાન જે માને છે એજ આત્મા સત્ય ગવેષક બને છે. પરધનને માટીના ઢેફા સમાન, પરસ્ત્રીને માતા સમાન જે માને તે જ સત્ય ગવેષક છે. એજ આત્મા સમભાવી બને છે, સાચી દષ્ટિવાળો બને છે. તું પણ સત્ય ગવેષક બનવા સરજાયો છે. એની પાછળ તારી મહાનતા છુપાયેલી છે. આંતરચક્ષુ પર બાંધેલા અજ્ઞાનના પાટા છોડી નાખ અને સત્ય ગવેષક બન! જ્ઞાન મળશે, સાચી દષ્ટિ મળશે અને જીવન સફળ બનશે!



કા. સુ. ૧ લી ૧૩, શનિવાર

વેદનાનું વાદળ ક્યારે વિખરાય?

વેદનશીલ આતમ!

તારા પર વેદનાનું વાદળ છવાઇ ગયું છે ખરું? અને તું પાર વગરની શારીરિક, માનસિક અને આત્મિક વેદનાઓ સહન કરી રહ્યો છે. પણ એ વેદનાઓ આવી ક્યાંથી? તારા અંતરમાં પ્રશ્ન કર કે એ વેદનાઓ આવી ક્યાંથી? બરાબર સંવેદન કર! તે વેદનાઓનું રહસ્ય સમજાશે. કરેલા કર્મના ફળ એજ વેદનાનું રહસ્ય છે.

[illegible] આધિ, વ્યાધિ અને ઉપાધિ [illegible] નિખરી જશે!

✻

[illegible]

પ્રસન્નતાના પુષ્પ ક્યારે ઊગે ?

પ્રિય આતમ !

તારે પ્રસન્નતાના પુષ્પોનો પમરાટ માણવો છે ? તો પૂજ્યની પૂજા કર ! પૂજ્યનો સાચો પૂજક બન ! પૂજ્યપૂજા તને અવશ્ય પ્રસન્નતાના પુષ્પોથી નવાજશે.

પવિત્ર આતમ ! પ્રગતિશીલ આતમ ! તારા ઉપર મને કરૂણા ઉપજે છે. તને જોઇએ છે પ્રસન્નતા. પણ તને પ્રસન્નતા પ્રાપ્ત થાય એવા પ્રસંગોથી દૂર ભાગવું છે ! અંતઃકરણની ભૂમિ સદા રાગ અને દ્વેષથી પ્રજ્વલિત રાખવી છે. શી રીતે પ્રસન્નતા પ્રાપ્ત થાય ?

પ્રથમ હૃદયની ભૂમિ શુદ્ધ કર ! પછી પ્રિયતમ પ્રભુની પવિત્ર પ્રતિકૃતિ તારા મનોમંદિરમાં પધરાવ ! અને મનહર પ્રતિમાનું મનોરમ ધ્યાન ધર ! શુદ્ધ દ્રવ્યો મેળવી દ્રવ્યથી

[illegible]

[illegible]



[illegible]

વીર વચનામૃતના પાન

વીરના પૂજારી !

આજે ચોમાસી પૂનમ છે, અને ચાતુર્માસનો છેલ્લો દિવસ પણ. તેં ચાર ગતિના ચાકડે ચડી ઘાંચીના બેલની માફક ખૂબ ચક્કર માર્યા. ચોવીશ દંડક અને ચોર્યાશી લાખ જીવાયોનીમાં તું ખૂબ ભટકાયો. નરકભૂમિમાં પરમાધામીઓએ તને ખૂબ રગડયો. તિર્યંચગતિમાં તેં પરાધીનતાના પ્રતાપે ગમ ગમ કરતાં માર ખાધા અને ગમારોએ તારા શરીરોને ખૂબ ચુંથ્યા.

નાજુક અને નમણો એવો નરભવ પામીને સંસારના ચકચકિત ચમકારામાં તું અંજાઇ ગયો અને દેવ જેવો દિવ્ય ભવ મેળવી તું ચતુર હોવા છતાં ચૂકી ગયો. પણ વીરના વચનો હૈયે ન ધાર્યા તે ન જ ધાર્યા. ધર્મ અમૃતના પાન કર્યા પણ પાચન ન કરી શકયો. તને કેટલું કહેવું ? જોતજોતામાં ચાતુર્માસ પૂરું થયું. સમજુને તો શાનમાં જ શીખામણ હોય. આમને આમ તારું આયુષ્ય ખૂટી જશે. વીર વચનામૃતના પાન વગર ચેતવાનો અવસર છે.



કા. વ. ૧, બુધવાર

છેલ્લો દિવસ

સંગ્રાહક આત્મા!

આજે છેલ્લો દિવસ એટલા માટે કહેવાય છે કે ચાતુર્માસના ચાર મહિના સુધી તને સદ્બોધ આપવા માટે સ્થિર રહેલા જ્ઞાનદાયક ગુરુદેવ ચાતુર્માસની મુદત પુરી થતાં આજે વિહાર કરી ચાલ્યા જશે. પણ જોજે તારા હિત કાજે પોતાના કિંમતિ સમયનો ભોગ આપી એ ગુરુવરે તને જે બોધ આપ્યો એ બોધ, સદ્બોધ તારી પાસેથી વિદાય ન થઈ જાય. એ બોધનો તું સંગ્રાહક બનજે! તને સંગ્રહખોરી તો બહુ ગમે છે. પણ ધનનો સંગ્રહ સંસાર વધારે છે. જ્યારે સદ્બોધનો સંગ્રહ સંસારને ટૂંકાવી નાખે છે. અણીને વખતે એ બોધ જ તને ઉપયોગમાં આવે છે. એ જ્ઞાની ગુરુદેવોનો ઉપકાર કંઈ જેવો તેવો નથી. હંમેશા એ યાદ રાખજે એમની વાણીને ગાયમાતાની જેમ વાગોળજે. જ્યારે સંસારી સગાઓ તને ધક્કો મારશે ત્યારે પરમ તારક એ ગુરુ જ તારા સાચા સગા થશે. એમની વાણી જ તને સંસારમાંથી ઉદ્ધરશે. માટે આજના છેલ્લા દિવસે છેલ્લી શીખામણ એ છે કે તું સદ્બોધનો સંગ્રાહક બનજે!



શ્રી પાર્શ્વચંદ્રગચ્છના પૂ. પ્ર. ખાંતિશ્રીજી મહારાજનો શિષ્ય પ્રશિષ્યાદિ પરિવાર

પ્રખરવક્તા પૂ. પ્રવર્તિની શ્રી ખાંતિશ્રીજી મહારાજ સાહેબના પટ્ટધરા શિષ્યા પરમ વિદુષી બાલ બ્રહ્મચારિણી

શ્રી મુનંદાશ્રીજી મહારાજ જન્મ સં. ૧૯૭૪ દીક્ષા ૧૯૯૦ ઉનાવા (ઉ. ગુજરાત)
તેઓશ્રીના પટ્ટધરા બા. બ્ર, શિષ્યારત્ન

કવિયિત્રી શ્રી વસંતપ્રભાશ્રીજી (સુતેજ) જન્મ સં. ૧૯૮૭ દીક્ષા સં ૨૦૦૫ મોટી ખાખર. કચ્છ.

સુવ્યાખ્યાની શ્રી સુમંગળાશ્રીજી જન્મ સં. ૧૯૭૬ ઉનાવા દીક્ષા સં. ૨૦૦૮ બોરિયાવી

તપસ્વિની શ્રી કલ્પલતાશ્રીજી જન્મ સં. ૧૯૭૮ દીક્ષા સં. ૨૦૦૮ કોંઢ (ધ્રાંગધ્રા)

બા. બ્ર. શ્રી કુંજલતાશ્રીજી જન્મ સં. ૧૯૮૮ દીક્ષા સં. ૨૦૧૧ ધ્રાંગધ્રા

બા. બ્ર. શ્રી સુવ્રતાશ્રીજી જન્મ સં. ૧૯૯૧ દીક્ષા સં. ૨૦૧૧ ધાંગધ્રા

મહાતપસ્વિની શ્રી સ્વયંપ્રજ્ઞાશ્રીજી જન્મ સં. ૧૯૭૬ વાંકાનેર દીક્ષા સં. ૨૦૧૩ પાનસર

બા. બ્ર. શ્રી સુદક્ષાશ્રીજી જન્મ સં. ૧૯૯૪ દીક્ષા સં. ૨૦૧૮ મોટીખાખર. કચ્છ

બા. બ્ર. શ્રી ભવ્યગુણાશ્રીજી દીક્ષા સં. ૨૦૨૨ કચ્છ દુર્ગાપુર

પૂ. પ્ર. ખાંતિશ્રીજી મહારાજના લઘુશિષ્યા

સાધ્વી શ્રી ઓંકારશ્રીજી જન્મ સં. ૧૯૯૦ નાગલપુર કચ્છ દીક્ષા સં. ૨૦૦૬ અમદાવાદ

તેમના શિષ્યા સાધ્વી બા. બ્ર.

શ્રી પંકજશ્રીજી જન્મ નાના ભાડીયા કચ્છ દીક્ષા ૨૦૧૮ મોટીખાખર કચ્છ

બા. બ્ર. સાધ્વી શ્રી નિજાનંદશ્રીજી જન્મ કચ્છ નાનીતુંબડી દીક્ષા સં. ૨૦૨૧ મોટીખાખર કચ્છ

...ંદાશ્રીજી મહારાજના શિષ્યાઓ વસંતપ્રભાશ્રીજીના શિષ્યા બા. બ્ર.